# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૩૮ : અંક–૧૭૦ વર્ષ - ૧૫ : નવેમ્બર–૨૦૧૧

## તા. ૨૯-૧૧-૧૯૩૯. આત્મસિદ્ધિ શાસ્ત્રના પ્રવચનની ગાથા ૧૪૦-૧૪૨ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન

જ્ઞાનીની દશાનું વિશેષ વર્ણન કરે છે :–

**સકળ જગત તે એઠવત, અથવા સ્વપ્નસમાન;**
**તે કહીએ જ્ઞાનીદશા, બાકી વાચાજ્ઞાન. ૧૪૦.**



ગુજરાતી ભાષામાં આત્મસિદ્ધિની અપૂર્વ રચના કરી છે. બધાના ઘરમાં આનો પ્રચાર થવો જોઈએ. જે કહેવાયું છે તે ઘણા જીવોને ઉપકારનું નિમિત્ત થાય એવું સરલ છે. ભાદરવા સુદી ૭થી આનું વ્યાખ્યાન શરૂ કર્યું છે, તેને આજે ૭૨ દિવસ થયા છે. આમાં નિષ્પક્ષપાતપણે બધું કહેવાયું છે. લોકો મધ્યસ્થ થઈને વિચારપૂર્વક વારંવાર આનું ઘોલન કરે તો તેને આત્મખ્યાતિ (આત્મસિદ્ધિ) થયા વિના ન રહે. ઉત્તમ ભોજનથી ભરેલો થાળ અને ભૂખ્યો રહે તે જીવ દુર્ભાગી છે. ઘણા પ્રકારે કહેવાયું છે. કુળધર્મનો આગ્રહ વગેરે ઘણા વિરોધ ટાળીને અવિરોધ તત્ત્વને સમજવાની આ અપૂર્વ રચના બની છે. આમાં સહેલી ભાષામાં વિસ્તારથી ઘણું કહેવાયું છે. કોઈ ધર્મી પુણ્યવંત આત્માર્થી જીવોના ભાગ્ય માટે આ અપૂર્વ યોગ છે. પણ જો જાતે પુરુષાર્થ ન કરે અને પ્રમાદ કરે, સંસારનો પ્રેમ ન ટાળે, અને તત્ત્વનો અપૂર્વપણે મહિમા-વિચાર અભ્યાસ, મનન ન કરે તો તે જીવ દુર્ભાગી છે, એટલે કે સાચા સુખનો અર્થી નથી. આ આત્મસિદ્ધિની રચના મધ્યસ્થપણે રહીને મોક્ષમાર્ગને ઉદ્દેશીને તથા શુષ્કજ્ઞાની અને ક્રિયાકાંડી બેઉને સમજાવવા માટે કહી છે.

હવે કહે છે કે આત્માર્થી ધર્માત્માને કેવો વૈરાગ્ય હોય ? તે સકળ જગતને એઠવત્ અથવા સ્વપ્નસમાન જાણી નિર્મમ રહે છે. અસંગપણે જાણે કે આત્મા અનાદિઅનંત છે, આઠ કર્મની તેના અનંતા રજકણ (પરમાણુઓ) અનંતવાર દેહપણે, કાર્માણ શરીરરૂપે એક આકાશક્ષેત્રમાં આ આત્મા પાસે આવી ગયા. જીવે દેહ અને સુંદર દેખાતા દેવના ભવ વગેરેને ભલા જાણીને દેખ્યા છે, ભોગવ્યા છે, અને તેમાં સુખ-દુઃખની મિથ્યા કલ્પના કરીને તેને પોતાના માન્યા છે. તેમાં ચૈતન્યગુણ નથી, શુભાશુભભાવ અશુચિમય છે, ચૈતન્યની શાંતિના યોગ આગળ એ બધા પુણ્ય-પાપના સંયોગો દેહાદિ પરદ્રવ્ય, સર્વ પુદ્ગલ તે એઠવત્ છે, અશુચિમય છે; તેનો સંગ

કરવાથી પરાધીનતા છે. ઉપાધિ છે, દુઃખ છે. પુણ્ય હો કો પાપ હો-બેઉ બંધન છે.

જ્ઞાની ધર્માત્મા આત્મજ્ઞાન વડે સંસારથી એટલે કે પુણ્ય-પાપથી વૈરાગ્ય પામીને સદ્બોધ-ચંદ્રોદયનું પાન કરે છે, અને સમસ્ત શુભ-અશુભ ભાવ ટાળીને તેનાથી મુક્ત થાય છે, નિરાકુળ શાંતિ-અનહદ આનંદને ભોગવે છે, જ્ઞાની પુણ્યને હેય સમજે છે, ત્યારે અજ્ઞાની તેને આધરણીય માને છે. માટે તે અશુચિમય વસ્તુ પુદ્ગલનો વિકાર જાણીને સંસારની મોહદશાને હે ભવ્ય જીવો ! છોડો, અનંતા જ્ઞાનીઓ પણ એ જ કહે છે. તેનો ઉપાય આત્માની સમજણ છે, કોઈ બીજો ઉપાય નથી.

'અપૂર્વ અવસર' કાવ્યમાં કહ્યું છે કે 'રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની, સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો.' એમ મુમુક્ષુ આત્માર્થી પુણ્યને પણ ન ઇચ્છે સડેલો કાળો શ્વાન હો, તેના શરીરમાં અનેક ઈયળ અને મળમેલ ભર્યા હોય તેના ઉપર દ્વેષ કે ગ્લાનિ ન કરે, અને ઇન્દ્રાણી જેવા સુંદર રૂપવાળી સ્ત્રીઓ દેખાય તેમાં રાગ ન કરે. તે બન્નેમાં રાગ-દ્વેષ કે અંતરક્ષોભ ન થાય. એ બેઉ સરખાં છે, એક જ જાતના જડ પરમાણુની રચના છે. ક્ષણમાં તે સડેલા કુતરાના રજકણો ગુલાબના ભૂલની સુગંધરૂપે થઈ જાય છે. માટે હે ચેતન ! તારી પરમ સુંદરતાનો મહિમા ભૂલીને (અનાદર કરીને) અશુચિમય પુદ્ગલપરમાણુમાં મોહ કેમ કરે છે ? આત્મા પૂર્ણ જ્ઞાનઘન પવિત્ર છે તેને પુણ્યનાં સાધનવાળો માનવો, પુણ્યથી સુખ માનવો તે ભૂલ છે, ભગવાનનો ભક્ત પ્રીતિથી પુણ્યરૂપમેલને કેમ ઇચ્છે ? જ્ઞાની ધર્માત્મા પરભાવથી ઉપાધિ ઇચ્છે નહિ; છતાં પૂર્વપ્રારબ્ધના યોગે બહારથી ક્રિયા દેખાય પણ તેમાં તેને રુચિ નથી. ચક્રવર્તી જેવા ધર્માત્માને હજારો સ્ત્રી, રાજ્ય વગેરેનો યોગ બહારથી દેખાય છતાં તે મહા વૈરાગ્યવંત છે; સંસારથી છૂટવાનો ઉપાય કરે છે, જેમ કચરાના ઉકરડા ઉપર વિષ્ટા કે ગુલાબના ઢગલાસરખા છે. તેમ જ્ઞાની અંતરમાં તે સકળ જગતને એઠવત્ માને છે, અને મોક્ષમાર્ગમાં વર્તે છે. સમસ્ત જગત જેણે એઠવત્ જાણ્યું છે તે વમેલું કેમ ખાય ? રજકણોના સંયોગો અનંતવાર આત્મપ્રદેશે આવી ગયા છતાં તે તારા થયા નથી તે તો જ્ઞેય માત્ર છે. સંસારના જીવો એકાંત દુઃખે કરીને બળી જળી રહ્યા છે, આ ભયંકર સંસારનો ત્રાસ અનિત્ય એવો સંસાર કેવળ દુઃખમય છે, દુઃખ પરના કારણે નથી. પણ પોતામાં ભૂલવાળી માન્યતારૂપે પોતાનું અજ્ઞાન એ જ દુઃખ (સંસાર) છે. સંસાર સ્વપ્ન સમાન છે; તે અસાર, સ્વપ્નવત્ ક્ષણિક જગત જે જ્ઞાનીના જ્ઞાનમાં ઉદાસીનભાવે દેખાય, તે જ્ઞાનીની દશા છે; બાકી તો કથનમાત્ર જ્ઞાન ધારણા છે. ૧૪૦.

હવે મોક્ષ કોણ પામે તે કહે છે :-

**સ્થાનક પાંચ વિચારીને, છઠ્ઠે વર્તે જેહ;**
**પામે સ્થાનક પાંચમું, એમાં નહિ સંદેહ. ૧૪૧.**

આત્મા છે, નિત્ય છે, અજ્ઞાનભાવે રાગ-દ્વેષનો કર્તા અને હર્ષ-શોકનો ભોક્તા છે, અને સ્વભાવના ભાનમાં નિર્દોષ જ્ઞાનનો કર્તા અને શાંતિ, સુખ, સહજ આનંદનો ભોક્તા છે, મોક્ષ છે; - એમ યથાર્થ ન્યાયથી એ પાંચે સ્થાનક વિચારીને જે છઠ્ઠે વર્તે અર્થાત્ મોક્ષના ઉપાયમાં વર્તે તે પાંચમું સ્થાનક (મોક્ષ) પામે. અંતરવિચાર એ જ જ્ઞાનીની ક્રિયા છે, એ અંતરનું સાધન છે, ઘણા ઠેકાણે ગૂઢ રીતિથી 'વિચાર', શબ્દ શ્રીમદે જણાવ્યો છે, 'કર વિચાર તો પામ,' 'ઔષધ વિચાર ધ્યાન,' 'અંતર વિચાર,' 'વિચારવા આત્માર્થીને,' 'એમ વિચારી અંતરે,' 'તે બોધે સુવિચારણા,' 'જ્યાં પ્રગટે સુવિચારણા,' 'ઉપજે તે સુવિચારણા' 'જુઓ વિચારી મર્મ.' 'પૂછ્યાં કરી વિચાર,' 'વિચારતાં વિસ્તારથી સંશય રહે ન કાંઈ,' એ આદિ પ્રકારે વિચારદશા કહી છે, વિચાર એ અંતરની ક્રિયા છે. તે મન, વાણી, દેહની ક્રિયાથી પર છે. જે વિચારમાં રાગનો ભાગ જ્ઞાન વડે જુદો કરીને તત્ત્વમનન થાય, તે જ્ઞાનની ક્રિયા છે. અહીં સુવિચારદશાની વાત કહી છે; માટે જ્ઞાનીના એકેક વાક્ય ઉપર ખૂબ વિચાર કરવો.

તત્ત્વવિચાર વિના માર્ગ હાથ આવે તેમ નથી. વિશાળ બુદ્ધિ અને મધ્યસ્થતા વડે પરીક્ષા કરવી.

અનંતજ્ઞાનીઓએ કહ્યું અન કહે તે તો તેમનામાં રહ્યું પણ તારું સત્ત્વ તારી પાસે છે માટે જાતે વિચાર કરવાનો છે. કોઈના આશીર્વાદથી કલ્યાણ થતું નથી. અનંત જ્ઞાની થઈ ગયા તેમને ઘણા જીવોનો ઉદ્ધાર થાય એવો વિકલ્પ આવતો હોવા છતાં કોઈ પરદ્રવ્યને પરિણમાવવાનું-સમજાવવાનું તેમનામાં પણ સામર્થ્ય નથી. સામો જીવ તૈયાર થઈને પાત્રતા લાવે તો જ્ઞાની નિમિત્ત થાય. દરેક આત્મા સ્વતંત્ર છે, પરથી નિરાળો છે, માટે સ્વ અને પર વસ્તુને યથાર્થપણે જાણવી પડશે, તેની અનેક ન્યાયથી સિદ્ધિ (નિર્ણય-પ્રમાણ) કરવી પડશે. વસ્તુસ્વભાવ જેમ છે તેમ સમજ્યા વિના સાચા નિમિત્ત મળ્યે પણ શો ઉપકાર થાય ? માટે પ્રથમ શાસ્ત્રવાંચન, મનન અને સત્સમાગમ વડે આત્માનો વિચાર કરવો. તેનો વિચાર નહિ કરે તે આત્મા નહિ પામે. જ્ઞાનીપુરુષો કહી ગયા છે તે જ શ્રીમદે આત્મસિદ્ધિમાં કહ્યું છે કે 'કર વિચાર તો પામ.' શાસ્ત્રમાં જે આજ્ઞાસમકિત કહ્યું છે તે વ્યવહારવચન છે. આજ્ઞાપ્રધાન કરતાં પરીક્ષાપ્રધાન–નિર્ણયપ્રધાન ખાસ કામનો છે, માટે નિત્ય સત્સમાગમ અને તત્ત્વની ભાવના વધારવી અને વસ્તુતત્ત્વનો યથાર્થ નિર્ણય કરવો. શ્રી સર્વજ્ઞ ભગવાન કહે છે કે આજ્ઞા એ ધર્મ છે, આજ્ઞા એ જ તપ છે. આજ્ઞા એ જ અમારો ધર્મ–એ ઉત્તમ વાત જગતના જીવો માટે તેઓએ કહી છે. પણ એ આજ્ઞા કેવી છે તે જાણ્યા વિના તે આજ્ઞા લાગુ પડતી નથી, માટે વાચકની પાછળ વાચ્ય શું છે તે સમજવાની મહેનત જાતે કરવી જોઈએ.

એકલી વાણીને ન વિચારો. પણ વીતરાગ પ્રભુનું શું કહેવું છે તે ભાવ વિચારો. સર્વજ્ઞ વીતરાગની વાણી, ભાવવચન, વાચ્ય શું છે તેનો ઊંડાણથી નિર્ણય કરો તો સાચી શ્રદ્ધા-સમ્યગ્દર્શન પ્રગટ થવાનું જ; માટે અહીં કહ્યું છે કે–'સ્થાનક પાંચ વિચારીને, છઠ્ઠે વર્તે જેહ, પામે સ્થાનક પાંચમું, એમાં નહિ સંદેહ.' બધું પોતાની ઉપર નાખ્યું છે, અને કહ્યું છે કે જે નિશ્ચયરત્નત્રયમાં વર્તે તે જ અનંત સુખસ્વરૂપમોક્ષપદને પામે. જાતે વિચારી જો; તું જ નિર્ણય કરીને અંતરમાંથી સાક્ષી લાવ, નિઃસંદેહ જાતનો નિર્ણય લાવ. સ્વરૂપનિર્ણય–સમ્યગ્દર્શન થતાં 'છઠ્ઠે વર્તે જેહ' એટલે કે જે કોઈ પાંચ સ્થાનકને વિચારીને મોક્ષ ઉપાયમાં (સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રમાં) વર્તે તે સાધકભાવ છે, 'જે વર્તે તે પામે.' સાચા દેવ, ગુરુની પ્રતીત. શ્રી અરિહંતે જે માર્ગ બતાવ્યો તે માર્ગ શું છે, તે માની (સ્વીકારી), સમજીને તેમાં આત્માર્થી સાધકે પોતે વર્તવાનું છે, પોતે જ માર્ગ કાપવાનો છે.

રાગરહિત શુદ્ધ સ્વચતુષ્ટયમાં (સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, સ્વભાવમાં) સ્થિત, આત્મા જેવો છે તેવો અવિરોધ વિધિથી બતાવ્યો, પણ જે યથાર્થ વિચારપૂર્વક સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રસ્વરૂપ મોક્ષમાર્ગમાં અવિરોધપણે વર્તશે તે શુદ્ધ આત્માને પામશે. 'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ, પ્રેરે તે પરમાર્થને તે વ્યવહાર સમંત.' જે જાતનો નિશ્ચય–પરમાર્થ છે તે જ જાતનો પુરુષાર્થરૂપ વ્યવહાર તે જ મોક્ષમાર્ગ છે. ત્રણે કાળના જ્ઞાનીઓએ જે નિઃસંદેહમાર્ગ બતાવ્યો છે તે નિઃસંદેહતાથી મોક્ષમાર્ગમાં જે વર્તે તે પરમાર્થને પામે છે. ૧૪૧.

હવે અંતિમ મંગળ કહે છે :–

**દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;**
**તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત. ૧૪૧.**

'અગણિત' શબ્દ કહીને મહા માંગણિક કર્યું છે. છેલ્લો અને ઉત્કૃષ્ટ દેહ છતાં સર્વજ્ઞ વીતરાગદેવની અંતરદશા પૂર્ણ શુદ્ધ છે, તેથી તે દેહાતીત છે. નીચલી ભૂમિકામાં સમ્યગ્દર્શન હોય ત્યાં અંતરંગ અભિપ્રાયથી જ્ઞાનદશા વર્તે છે. સમ્યગ્દર્શન થતાં એક ન્યાયે (ભાવી નૈગમનયથી) મોક્ષ થયો એમ પણ કહી શકાય. પૂર્ણ શુદ્ધ અસંગ આત્મતત્ત્વ કેવું, કેવડું, કેમ પ્રાપ્ત થાય, કેટલું બાકી તે બધું ખ્યાલમાં આવી ગયું. પૂર્વ પ્રારબ્ધયોગથી જેને દેહ વર્તે છે, પણ તે દેહથી અતીત એટલે ભાવકર્મ, દ્રવ્યકર્મ તથા નોકર્મનો આશ્રય રહિત કેવળ શુદ્ધ આત્મમય જેની દશા વર્તે છે તે જ્ઞાની પુરુષના ચરણમાં અગણિત વંદન હો. જેમ પાણીચા શ્રીફળમાં કાચલી સાથે ગોળો ચોંટેલો દેખાતો હતો, તેનો રસ ચીકાશ સુકાતાં તે ગડગડિયું શ્રીફળ થતાં ગોળો

તદ્દન છૂટો દેખાય છે, તેમ દેહાત્મબુદ્ધિથી દેહાદિ તથા રાગ-દ્વેષમાં પૂર્વે એક્તા માની હતી તે ટાળી, જુદાપણું જાણ્યું–અનુભવ્યું તે આત્મા દેહાતીત છે. પોતાનું સહજ આત્મસ્વરૂપ શુદ્ધ છે, સ્વાધીન છે. એમ યથાર્થપણે માન્યું તેને રાગ-દ્વેષની ભાવના કેમ હોય ? દેહ મારો છે, પુણ્ય–પાપ મારાં છે, રાગ-દ્વેષ મારાં છે, કરવા જેવા છે, એવી શ્રદ્ધા જરાય જેને નથી એવી દશાવાળા દેહ હોવા છતાં દેહાતીત પણ કહેવાય. પવિત્ર વીતરાગ સર્વજ્ઞદેવને 'હો વંદન અગણિત' – એ બેહદ, અપરિમિત, અમાપ, અનંત અનંત વંદન દ્રવ્ય અને ભાવ નમસ્કાર છે.

અનંત વિકલ્પ તૂટીને, બેહદ–અપરિમિત શુદ્ધ સ્વભાવમાં ઠરી જાઉં એવો અહીં આશય છે. જેને પૂર્ણ શુદ્ધ સાધ્યદશા પ્રગટ થઈ છે તેવા જ્ઞાનીને વંદન હો 'અગણિત'–એ રીતે સર્વોત્કૃષ્ટ અપ્રતિહત ભાવનો આદર કરીને મહા માંગળિક કર્યું છે. અતિ આદર અનંત ગુણનો છે, પૂર્ણ સ્વભાવનો આદર છે, તેમાં જરા પણ અધૂરા ભાવનો આદર નથી. જેની હદ નથી એવાં પૂર્ણ પવિત્ર અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અનંતવીર્ય છે; તેને પ્રગટ કરવા માટે તે જ્ઞાનીને વંદન કરી ક્ષાયિક કેવળજ્ઞાનને પહોંચવા માટે આ આત્મસિદ્ધિ જયવંતપણાને પ્રાપ્ત થાય. ૧૪૨.

---

*(શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક)*

તે જ પરિણામનું કારણ લાગે છે; માટે અમે તેના અનુયાયી ખરેખરા છીએ, સાચા છીએ.

વન અને ઘર એ બન્ને કોઈ પ્રકારે અમને સમાન છે, તથાપિ વનમાં પૂર્ણ વીતરાગભાવને અર્થે રહેવું વધારે રુચિકર લાગે છે; સુખની ઇચ્છા નથી પણ વીતરાગપણાની ઇચ્છા છે.

જગતના કલ્યાણને અર્થે પુરુષાર્થ કરવા વિષે લખ્યું તો તે પુરુષાર્થ કરવાની ઇચ્છા કોઈ પ્રકારે રહે પણ છે, તથાપિ ઉદયને અનુસરીને ચાલવું એ આત્માની સહજ દશા થઈ છે, અને તેવો ઉદયકાળ હાલ સમીપમાં જણાતો નથી; તો તે ઉદેરી આણવાનું બને એવી દશા અમારી નથી.

'માગી ખાઈને ગુજરાન ચલાવશું; પણ ખેદ નહીં પામીએ; જ્ઞાનના અનંત આનંદ આગળ તે દુઃખ તૃણ માત્ર છે' આ ભાવાર્થનું જે વચન લખ્યું છે, તે વચનને અમારો નમસ્કાર હો ! એવું જે વચન તે ખરી જોગ્યતા વિના નીકળવું સંભવિત નથી.

'જીવ એ પુદ્ગલીપદાર્થ નથી, પુદ્ગલ નથી, તેમ પુદ્ગલનો આદાર નથી, તેના રંગવાળો નથી; પોતાની સ્વરૂપસત્તા સિવાય જે અન્ય તેનો તે સ્વામી નથી, કારણ કે પરની ઐશ્વર્યતા સ્વરૂપને વિષે હોય નહીં. વસ્તુત્વધર્મે જોતાં તે કોઈ કાળે પણ પરસંગી પણ નથી.' એ પ્રમાણે સામાન્ય અર્થ 'જીવ નવિ પુગ્ગલી' વગેરે પદોનો છે.

'દુઃખસુખરૂપ કરમ ફળ જાણો, નિશ્ચય એક આનંદો રે,<br>
ચેતનતા પરિણામ ન ચૂકે, ચેતન કહે જિનચંદો રે.'

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (નવેમ્બર–૨૦૧૧નું) શુલ્ક શ્રી વાલજીભાઈ વિસંજી સાવલા, મુંબઈના નામથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**



# પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત, વચનામૃત–૨૧૩ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન, પ્રવચન નં. ૧૭૨ (તા.૫-૧૧-૧૯૮૭, ભાવનગર)

(આજે શ્રીમદ્ રાજચંદ્રજીનો જન્મદિન છે.)

આજથી ૧૨૦ વર્ષ થયાં. ૨૦૪૪ ચાલે છે, ૧૨૦ વર્ષ થયાં. જ્યાં જ્યાં એમના હાથ નીચે ત્યાં તો લોકો .... ઊજવે છે. છેલ્લી શતાબ્દીમાં, ૧૯૨૦મી શતાબ્દીમાં મહાપ્રજ્ઞાવંત, વિશેષ નિર્મળ જ્ઞાનનો ઉઘાડ જેમને હતો, જેમના વચનો પત્રના આકારે રહી ગયા તોપણ હજારો જીવોનું ધ્યાન ખેંચાણું કે ચાલુ પરંપરાથી અને સંપ્રદાયથી એમનો વિષય કાંઈ જુદો છે, અથવા કોઈપણ પ્રકારની બાહ્ય ક્રિયા, મન-વચન-કાયાની, સંયમ આદિની બાહ્ય ક્રિયા અથવા શાસ્ત્રવાંચન આદિની બાહ્ય ક્રિયા – એ તમામ પ્રકારની બાહ્ય ક્રિયાથી અંતરંગ પરિણમન એ જુદી ચીજ છે. (એ તરફ ધ્યાન) બહુ સારી રીતે ખેંચ્યું છે. ચોવીસમાં વર્ષમાં જે કાવ્ય લખ્યું છે – 'યમ, નિયમ, સંયમ આપ કિયો; પુનિ ત્યાગ વિરાગ અથાગ લહ્યો.' એમાં બધી વાત લઈ લીધી છે. ત્યાગની, સંયમની, ધ્યાનની, પૂજાની, શાસ્ત્રવાંચનની બધી વાત લઈ લીધી છે.

બાહ્ય જીવોને અનાદિનો અજાણ્યો માર્ગ છે. જેમ આંધળો જીવ પણ જોઈ શકતો નથી, જેમ આંધળાને કઈ દિશામાં ચાલવું તે માંડ-માંડ (કોઈ બતાવે તો) ખબર પડે. એવી રીતે અનાદિ મિથ્યાદૃષ્ટિની (એવી સ્થિતિ છે.) તેથી કરીને અનંત અનંત દુઃખી (છે.) ત્રસ પર્યાયમાં તો બહુ મર્યાદિત કાળ છે. પરિભ્રમણ કરતા જીવનો અનંત કાળ તો નિગોદમાં જ જાય છે. નિગોદમાં જાય છે એટલે અનંત દુઃખમાં જાય છે. એવી પરિસ્થિતિ જોઈને નિષ્કારણ કરુણાથી, જેને કોઈ અપેક્ષા નથી, અંતરંગ જેને કોઈ સ્પૃહા નથી. એમણે માર્ગને બતાવ્યો છે, દર્શાવ્યો છે, સારી રીતે દર્શાવ્યો છે.

'ગુરુદેવશ્રી'ને તો પ્રશ્ન પૂછ્યો છે કે, એમના પત્રોમાં મોક્ષમાર્ગ અખંડપણે પ્રસિદ્ધ થાય છે, એમ લાગે છે. 'ગુરુદેવશ્રી' (કહે) હા, બરાબર એમ જ છે. વાત તો એમ જ છે. કેમકે સ્વાનુભવથી નીકળેલી વાણી છે. એમાં સ્વાનુભવનો વિષય મુખ્યપણે આવ્યા વિના રહે જ નહિ. એટલે એમાં મોક્ષમાર્ગ અખંડપણે જળવાયેલો જે પરંપરા ચાલે છે એ બરાબર ત્યાં પણ છે. લાયક જીવ હોય તો ત્યાંથી પણ એ પામી શકે છે, પામી જાય છે. સંસ્કાર લઈને આવ્યો હોય તો, વર્તમાનમાં તો એમની ઉપસ્થિતિ નથી, પણ કોઈ જીવ સંસ્કાર લઈને આવે તો એમના વચનથી પામી જાય.

'કૃપાળુદેવ'ના નામથી એમની પ્રસિદ્ધિ છે. ગૃહસ્થ હોવા છતાં 'દેવ'ની પદવીથી એમને સંબોધવામાં આવે છે. ભગવાન તુલ્ય એમને માનવામાં આવે છે. ભગવાન જ માનવામાં આવે છે, ભગવાન તુલ્ય જ માનવામાં આવે છે. કેમકે ભગવાનના વચનમાં પણ તરવાનું નિમિત્ત છે. એમાં લેશે. ૨૧૪ માં એ નિમિત્તની વાત છે. સદ્‌ગુરુના ઉપદેશમાં, નિમિત્તમાં પૂર્ણ શક્તિ છે; પણ તું તૈયાર ન થાય તો એને આત્મદર્શન પ્રગટ થતું નથી. ૨૧૪ માં શરૂઆત જ એ રીતે કરે છે.

પૂર્વના કોઈ આરાધક જીવ હશે. વર્તમાનમાં ઘણો પુરુષાર્થ કર્યો છે. આયુષ્ય બહુ ઓછું લઈને આવેલા– ૩૩ વર્ષનું. જન્મથી ગણવામાં આવે તો ૩૩ વર્ષ ને પાંચ મહિને એમનો દેહાંત છે. એટલા ટૂંકા ગાળામાં ફક્ત એક ભવ બાકી રહે એટલી હદનો એમનો પુરુષાર્થ હતો.

'શ્રીમદ્ રાજચંદ્રજી'ની જન્મજયંતી છે ને ! બહુ નિર્મળ પરિણતિ લઈને વૈમાનિકદેવમાં ગયા છે. ત્યાંથી મનુષ્યક્ષેત્રમાં આવીને ચરમશરીર ધારણ કરીને નિર્વાણદશાને પ્રાપ્ત કરશે. મુનિદશા અંગીકાર કરશે, સંપૂર્ણ ચારિત્રની સિદ્ધિ થશે અને નિર્વાણદશાની પ્રાપ્તિ થશે. પોતાના નિર્મળજ્ઞાનમાં એમને એ ભાસ્યું છે. એક અંગત કાવ્યની અંદર એ વાત એમણે પ્રસિદ્ધ કરી છે. 'ધરીને એક જ દેહ જાશું સ્વરૂપ સ્વદેશ.' તેથી વર્તમાન મુમુક્ષુ સમાજ ઉપર, હજારો માણસો ઉપર એમનો ઉપકાર વર્તે છે.

જે આત્મભાવો શબ્દો દ્વારા એમના પત્રોમાં પ્રસિદ્ધ થયા એનાથી હજારો જીવોને આજે ઉપકાર થાય છે. અને સો વર્ષમાં તો ઘણાંએ આયુષ્ય પૂરા કર્યા. પણ નવા-નવા પણ ઘણાં એની અંદર (આવે છે). એ તો હંમેશા દુનિયા તો આવાગમનનો મેળો છે, કોઈ શાશ્વત તો છે નહિ. જૂના જાય છે, નવા આવે છે. જૂના જાય છે (અને નવા આવે છે.) શાસનના પુણ્ય અનુસાર એ બધું બને છે. કોઈ વિરલ જીવ છે એને એ ગોળી વાગે છે (ને) આત્મપ્રાપ્તિ કરી લે છે. એક સામાન્ય નિમિત્ત એને આત્મભાવનું બની જાય છે (અને) એનો બેડો પાર થઈ જાય છે. કદી પણ એવું નથી બનતું કે સંપ્રદાયમાં આવેલા બધા જીવોનો મોક્ષ થાય. એ તો તીર્થંકરદેવની ઉપસ્થિતિમાં પણ બન્યું નથી, બની શકતું પણ નથી. બહુ અલ્પ જીવો ભલે મોક્ષમાર્ગને પામે છે તોપણ સંખ્યાની એમાં કિંમત નથી, પામે છે એની જ બહુ મોટી કિંમત છે, એ જ બહુ મોટી વાત છે.

તેથી આજના દિવસના નિમિત્તે એમના નિર્મળ જ્ઞાનનો, નિર્મળ દર્શનનો, એમની સ્વતંત્ર પુરુષાર્થની યોગ્યતાનો સ્મરણ કરવાનો આ દિવસ છે. જે જ્ઞાનીને ઓળખે છે;... એ તો જ્ઞાની એમ કહેતા જ; જેમ સોનાને ઓળખે છે એમ સોનું કહેતા જ વર્ણન કરવાની જરૂર નથી કે આમાંથી દાગીના બને ને આ પીળું હોય ને આ ચળકતું હોય એ કાંઈ જરૂર નથી. નામ પડતા જ જેમ એની કિંમત આવે છે. એમ કોઈપણ જ્ઞાનીનું એ રીતે નામ પડતા જ એનો મહિમા અને એનું મૂલ્ય સમજાય છે.

ગૃહસ્થદશામાં કોઈ વિશેષ ભાવના એમણે વ્યક્ત કરી હોય તો 'અપૂર્વ અવસર' છે. હમણાં એક પુસ્તક પ્રસિદ્ધ થયું, એકભાઈએ કર્યું છે. વૈરાગ્ય ભાવનામાં અપૂર્વ અવસરના પ્રવચનો પાછળ લીધા છે. ૭૯મી સાલમાં થયેલા 'ગુરુદેવ'ના પ્રવચનો છે. ૭૯ની સાલમાં. ૭૯ની સાલમાં. બહુ જૂના પ્રવચનો શરૂઆતના, શૈલી થોડીક, એ વખતની શૈલી થોડીક જુદી દેખાય છે. વારંવાર એમ કહે છે કે, ગૃહસ્થદશામાં આવા ભાવ તો કોઈ લાવો !! એટલે કે ગૃહસ્થદશામાં શું, મુનિદશામાં હોય પણ બાહ્ય વેશમાં આવા ભાવ જોવામાં આવતા નથી. એ ગૃહસ્થમાં ઝવેરાતનો ધંધો કરતાં કરતાં આ પરિણામ થયા છે એમને !! કેટલી અંતરંગમાં ભાવના વિશેષ રસવાળી હશે કે જે કાવ્યરૂપે જેનો પ્રવાહ થઈને બહાર આવે !! એને ભાવમાં કેટલી ભાવના રહી હશે !! વિચાર માંગે એવો વિષય છે.

એટલે એમ કહેવું છે કે, જેને જ્ઞાની થવું છે અને જે જ્ઞાની થયા છે એને આવા ભાવ હોય છે. કોઈ પ્રદર્શિત થાય, કોઈને એવા પ્રદર્શિત ભલે ન થાય પણ એ દશામાં એ જ ભાવના, એવી જ ભાવના હોય છે અને એવી ભાવનાવાળા જ એ દશાને પ્રાપ્ત થાય છે. એ વાત પણ એમાંથી સ્પષ્ટ થાય છે, પ્રસિદ્ધ થાય છે. એ અસાધારણ વિષય લીધો છે. મારી મુનિદશા આવી હોય ! મારો સમભાવ આવો હોય ! ક્રોધ-માન-માયા-લોભના પરિણામને વિશે મારી પ્રવર્તના આવી હોય ! એ દશામાંથી આગળ વધીને હું એક એક ગુણસ્થાન ચડીને અરિહંતદશા સુધી પ્રાપ્તિમાં આવું અને શૈલેષીકરણની છેલ્લી અવસ્થાથી પછી આગળ મોક્ષમાં જાઉં. પુરુષાર્થ તો એ અનંતો પુરુષાર્થ છે અને અત્યારે એટલો પુરુષાર્થ ચાલતો નથી પણ એ મારા મનોરથનો વિષય છે એમ કરીને ભાવનામાં આવે છે. એક એમનું અનોખું સ્થાન એ દૃષ્ટિએ છે, અનોખું સ્થાન છે એમનું.

ચાલું વિષય લઈએ. ચાલતો અધિકાર છે 'બહેનશ્રીના વચનામૃત' ગ્રંથમાં બોલ- ૨૧૩, પાનું ૭૩ છે.

મુમુક્ષુ :– આવા મહાપુરુષને યાદ, સ્મરણ કરવાથી અમારું શું પ્રયોજન હોય શકે ?

પૂજ્ય ભાઈશ્રી :– એવી મહાનતા, એવા ગુણ, એવી દશા પ્રાપ્ત કરવાની પ્રથમ તો ભાવના થાય. એમના સ્મરણના નિમિત્તે એવી દશા મને પણ પ્રાપ્ત હો એવી ભાવના થાય. અને એમણે જે કાંઈ કહ્યું છે એમનો જે સત્ સ્વરૂપ સંબંધીનો ઉપદેશ છે અને સત્‌ને પામવા સંબંધીનું જે માર્ગદર્શન છે એના ઉપર ઉપયોગ જાય, જ્ઞાનની પ્રવૃત્તિ મુખ્યપણે થાય, માત્ર બહુમાનનો રાગ કરીને બેસી રહેવાનો પ્રશ્ન નથી, પણ જ્ઞાનની પ્રવૃત્તિ થાય તે મુખ્ય વાત છે અહીંયાં.

હિત-અહિતની દૃષ્ટિએ વિચારવામાં આવે તો સત્પુરુષના ગુણગ્રામ છે એ દર્શનમોહના રસને તોડવાનું, તૂટવાનું કારણ છે, ગળવાનું કારણ છે. એટલે એમના કોઈપણ જન્મદિવસ કે કોઈપણ બહાને એમના ગુણગ્રામ જ્યાં ગાવામાં આવે છે તો એ ભાવનામાં દર્શનમોહ પણ ગળે છે; તેથી કરીને એમણે પોતે તો કોઈ વક્તા અથવા વાંચનકારને જ્યાં માર્ગદર્શન આપ્યું છે ત્યાં સુધી એમણે એ કહ્યું છે કે હજી જ્યાં સુધી સમ્યક્‌દર્શન અને સમ્યક્‌જ્ઞાન પ્રગટ થયું નથી ત્યાં સુધી તારું જ્ઞાન પારમાર્થિક વિષયને, નિજ સ્વરૂપને સ્પર્શ્યું નથી, એ વિષયમાં તું હજી અજાણ્યો છો, તો જે વિષયમાં તું અજાણ્યો છો એ વિષયમાં તું શું કરી શકીશ ? શાસ્ત્રની વાંચેલી કે કોઈની સત્પુરુષની ધારેલી વાત કહીશ તોપણ મૂળમાં એનો તો માર્ગ તો જોયેલો નથી. તો એ કેવી રીતે તું બીજાને બતાવી શકીશ ? તેં જોયું નથી એ તું બીજાને કેવી રીતે બતાવી શકીશ ? આ તો સ્પષ્ટ પરિસ્થિતિ છે. ધારણા એ કોઈ ચીજ નથી, વસ્તુ નથી. તો પછી જ્ઞાન થયા પહેલા શાસ્ત્રવાંચનનો ઉદય હોય એવા જીવે શું કરવું ? કે મુખ્યપણે એણે સત્પુરુષના ગુણગ્રામ કરવા, એવું માર્ગદર્શન આપ્યું છે. ભક્તિએ ચડી જવાનો વિષય નથી, એ દર્શનમોહને ગાળવાનો વિષય છે એમાં, તત્ત્વ છે એની અંદર. કહેવા પાછળ ભક્તિએ ચડાવી દેવું છે એવી વાત નથી કે વ્યક્તિપૂજાએ ચડાવી દેવું છે એવી વાત પણ નથી. પણ એ સત્પુરુષના ગુણગ્રામ છે એ ખરેખર દર્શનમોહને ગળવાનું કારણ છે એમ જાણીને એની પાછળનો પરમાર્થ શું છે ? એ વાત એમણે ગૂઢ રાખી છે.

૭૫૧માં તો એ વાત પણ ખોલી છે એમણે. સમ્યક્‌દર્શનનું કારણ લીધું છે. પાત્રતામાં પણ એ પાત્રતાનો મુખ્ય વિષય લીધો છે. ધ્યાન આપે તો ઘણી જગ્યાએ એવી વાત નીકળે છે. એ વિષય બહુ સ્પષ્ટ છે કે, દર્શનમોહનો રસ ગળે, એની શક્તિ ગળે; રસ ગળે એટલે દર્શનમોહની મિથ્યાત્વની, – મિથ્યાત્વ કર્મની (અને) મિથ્યાત્વના પરિણામની–બન્નેની વાત છે. શક્તિ ગળે ત્યારે એને વર્તમાન જ્ઞાનમાં સ્વરૂપ નિશ્ચય કરવા અર્થે જે યોગ્યતા જોઈએ, જે નિર્મળતા જોઈએ, જે ક્ષમતા જોઈએ તેની પ્રાપ્તિ થાય છે. દર્શનમોહની તીવ્રતામાં કદી સ્વરૂપ નિશ્ચય થઈ શકતો નથી કે જે સમ્યક્ સન્મુખતાનું કારણ થાય. એ અહીંયાંથી થાય છે – દર્શનમોહ ગળે ત્યારે સ્વરૂપ નિશ્ચય થાય છે. એટલા માટે જ્ઞાનીનો સંગ કરનાર, જ્ઞાનીના ચરણમાં રહેનાર જલ્દી પામે છે. એનું કારણ એ છે કે એનો દર્શનમોહ ગળેલો છે, એ કારણ છે.

'ગુરુદેવશ્રી' એ માર્ગદર્શન તો આપ્યું છે. 'ધન્ય અવતાર' પુસ્તિકામાં એ વિષય સ્પષ્ટ, બહુ જોરથી એ વિષયને સ્થાપિત કર્યો છે પોતે. ભલે કાર્ય-કારણની ત્યાં ચર્ચા ન કરી હોય પણ આદેશ કહો, ફરમાન કહો, આજ્ઞા કહો એ તો સ્પષ્ટ જ છે.

શું કહે છે અહીંયાં ? કે, **'લોક શું કહેશે' એમ જોવાથી...'** અથવા એવા અભિપ્રાયથી અથવા એવું લક્ષ રહેતા, **'ચૈતન્યલોકમાં જઈ શકાતું નથી.'** કોઈ જીવ ચૈતન્યલોકમાં જઈ શકતો નથી. ચૈતન્યલોક એટલે પોતાનું સ્વરૂપ. નિજ ચૈતન્યપ્રકાશ જ્યાં અનંત ભરપૂર ભરેલો પડ્યો છે એમાં ઉપયોગ જઈ શકતો નથી. કેમકે એની દૃષ્ટિ બહાર ને બહાર લોકો પ્રત્યે પકડાયેલી રહે છે. કોઈ જીવને લોકસંજ્ઞા જોવામાં આવે તો એ ગમે તેવી તત્ત્વની વાત કરતો હોય તોપણ નિયમથી મિથ્યાદૃષ્ટિ છે એ વાત સિદ્ધ થઈ ગઈ છે, સાબિત થયેલી છે, કોઈ પરીક્ષા કરવાની ત્યાં જરૂર રહેતી નથી. આ

એક લોકસંજ્ઞા એવો વિષય છે.

'શ્રીમદ્જી'એ એ વિષય ઉપર તો– લોકસંજ્ઞા ઉપર તો પ્રહાર કરેલો છે કે લોકસંજ્ઞા છે એ પ્રત્યક્ષ ઝેર છે એવું જ્યાં સુધી ભાસે નહિ, ત્યાં સુધી સત્પુરુષે જે કહેવા ધાર્યું છે તેના ઉપર વૃત્તિ જાય નહિ. જે પરમાર્થનો વિષય કહેવા ધારે છે એના ઉપર જીવની વૃત્તિ જઈ શકતી નથી. કેમકે એની વૃત્તિ લોકસંજ્ઞામાં રોકાઈ ગઈ છે. સમાજ શું કહેશે ? આમ કરીશ તો સમાજ શું કહેશે ? અને ત્રણે કાળે એવું બનતું આવ્યું છે કે મોટો સમુદાય અજ્ઞાનીનો રહેલો હોવાથી, સંપ્રદાયનો રહેલો હોવાથી; અને આ તો નિકૃષ્ટ કાળમાં તો એમ જ હોય. અને બહુ અલ્પ સંખ્યા આવા કાળમાં તો જ્ઞાનીના પક્ષે હોવાથી, જ્ઞાનીને અનુસરનારા હોવાથી; કોઈ જીવ જ્યારે સંપ્રદાયથી વિખુટો પડીને, સમાજથી વિખુટો પડીને જ્યારે જ્ઞાનીનો સંગ કરવાના ભાવ કરે છે ત્યારે એ સબંધીની અંદર થોડો ઊહાપોહ અવશ્ય ઉત્પન્ન થાય જ છે. પણ એ કોઈ ગણના કરવાનો વિષય નથી, એને કોઈ મહત્વ આપવાનો વિષય નથી. આત્માના હિતથી કોઈ ચીજ વધારે નથી.

આ જગતમાં મારો આત્મા અને મારું આત્મહિત એનાથી કોઈ વધારે નથી. આવો સીધો હિસાબ આત્માર્થી લગાવી ચૂક્યો છે એનો આ હિસાબ હોવાથી, એનો આ નિર્ણય હોવાથી, સમાજ-ફમાજની કોઈ ગણના કરવાનો પ્રશ્ન એને મન ઉપસ્થિત થતો નથી. આપણે તો ઘણા સંપ્રદાયથી બદલીને જ આવેલા છે. ઘણાં જીવો એવી રીતે (આવેલા છે.) ખુદ 'ગુરુદેવ'નો પણ ઇતિહાસ એ રીતે રહ્યો છે. તો એક જણને એવું લાગ્યું અમે તો આખો સંપ્રદાય છોડ્યો. સંપ્રદાયને ગણતા નથી અમે. જરા કિંમત આવી ગઈ. સંપ્રદાયમાં ઘણી ગડબડ છે, સંપ્રદાયવાળા અમને બહુ કહે છે, સગા-વહાલા અમને બહુ કહે છે. શું કર્યું આ તમે ? કેમ આમ કર્યું ? કેમ આમ કર્યું ? પણ અમે કાંઈ ગણતા નથી, અમે કાંઈ ગણતા નથી. એ રીતે અવગણના કરીને આવ્યા એટલે કાંઈ બહુ મોટી વાત છે એમ પણ લેવા જેવું નથી, એમ કાંઈ લેવા જેવું નથી. એ તો ચર્ચા ચાલતી તો એ સામાન્ય વાત છે. મુમુક્ષુને, આત્માર્થીજીવ માટે સમાજની અવગણના કરવી એ તો એક બહુ સામાન્ય વાત છે. એટલો પુરુષાર્થ અને એટલી શક્તિ તો એને બહુ પ્રારંભમાં આવી જ જવી જોઈએ. હજી આગળ તો ઘણો રસ્તો કાપવાનો બાકી છે. સંપ્રદાય બદલ્યો એટલે ગઢ જીતી લીધો એમ નથી. હજી તો ઘણા ગઢ જીતવાના બાકી છે.

'ગુરુદેવ' કહે છે ને ! પાત્રતા માટે, સમ્યક્દર્શનની યોગ્યતા માટે તો ઘણા ગઢ જીતવાના બાકી છે. એમાંનો આ એક ગઢ છે – લોકસંજ્ઞા. લોકસંજ્ઞામાં રહ્યો છે એ ઘણી નીચી યોગ્યતામાં રહ્યો છે, એ સમાજને વશ પડેલો છે. સમાજમાંથી એને આબરૂ–કીર્તિ જોઈએ છે, માન જોઈએ છે, લૌકિક માન જોઈએ છે. ત્યાં સુધી કોઈ રીતે એને આત્મલક્ષ થઈ શકે નહિ. સિદ્ધાંતિક વાત છે.

માટે જેને આત્માને સાધવો છે એવા '**સાધકને એક શુદ્ધ આત્માનો જ સંબંધ હોય છે.**' સાધકને તો એક શુદ્ધાત્માનો જ સંબંધ હોય છે. એટલે કે મારે મારા સમાજ સાથે સંબંધ નથી, મારે મારા આત્મા સાથે સંબંધ છે, મારા આત્મહિત સાથે સંબંધ છે, સમાજ સાથે મારે કોઈ સંબંધ નથી. આખો સમાજ સોએ સો ટકા વિરુદ્ધ થઈ જાય તો ઘરે બેસીને ઓરડો બંધ કરીને આત્માનું સાધે. પણ સમાજ વિરુદ્ધ થઈ ગયો છે માટે હવે સમાજમાં ભળો એ વાત અહીંયાં આવશે નહિ. એ સમાજમાં જે સત્થી વિરુદ્ધ જાય છે, ઉન્માર્ગે જાય છે એવા સમાજમાં જ્ઞાની ભળતા નથી અને જ્ઞાનીને માર્ગે ચાલનારા પણ ભળતા નથી. 'ગુરુદેવ' તો બહુ સ્પષ્ટ કહેતા કે, સત્ને સંખ્યાની કોઈ જરૂર નથી. સત્ને સત્ના અભિપ્રાયની સાથે સંબંધ છે, સંખ્યા સાથે કોઈ સંબંધ નથી.

મુમુક્ષુ :– સમ્યક્દર્શન થયા પછી સમાજનું કામ છોડી દેવું.

પૂજ્ય ભાઈશ્રી :– સમાજનું કામ ?

મુમુક્ષુ :– છોડી દેવું..

પૂજ્ય ભાઈશ્રી :– અને એ પહેલાં ? ચાલુ રાખીએ

એ તો ચાલુ રાખશે ત્યાં સુધી થશે નહિ. અને થશે નહિ એટલે પછી છોડવાનો પ્રશ્ન રહેતો નથી. સીધો થઈ ગયો ને હિસાબ ? આજે મોટો દિવસ છે. 'શ્રીમદ્ રાજચંદ્રનો' જન્મ દિવસ છે. એટલે ૨૦-૨૫ મિનિટ ચલાવ્યું. તમને યાદ કર્યાં મનમાં.

મોટો દિવસ હોય એટલે વહેલાં ઊઠી જઈને નિત્યક્રમમાં વહેલા પરવારવું જઈએ. આત્મહિતના કાર્યમાં અગ્રેસર થવું, બીજા ટોળામાં ભલે અગ્રેસર ન થવાય પણ આત્મહિતના કાર્યમાં અગ્રેસર થવું. આત્માર્થીને તો એવો વિકલ્પ હોય છે. વાત નીકળી એટલે કહું છું. આખું જગત સામાન્ય રીતે સૂર્યોદય થાય એ આસપાસ ઉઠવાનો સમય હોય છે, નિંદ્રાથી જાગૃત થવાનો (સમય છે). આત્માર્થીને એવો એ રીતે વિકલ્પ હોય છે લોકો સાંસારીક કાર્ય શરૂ કરવા માટે જાગે એ પહેલા હું થોડુંક મારું કામ કરી લઉં. લોકો જ્યારે શરૂ કરે, લોકો તો દેહાર્થે, દેહની પ્રવૃત્તિ શરૂ કરવાના છે, એ પહેલા હું આત્માર્થે આત્માની કાંઈક પ્રવૃત્તિ કરી ને આત્માનું કરી લઉં, બીજા જાગે એ પહેલા કરી લઉં. કારણ કે જાગ્યા પછી કોઈકની ડખલ થવાનું નિમિત્ત છે, જાગ્યા પહેલા તો કોઈનું નિમિત્ત નથી. આ એક સામાન્ય (વાત છે.) મોડા મોડા સ્વાધ્યાયમાં આવવું (એ બરાબર નહિ).

પોતાનું હિત થાય એ જ સુપ્રભાત છે, બીજું કોઈ સુપ્રભાત છે જ નહિ. અનંત સૂર્ય ઊગીને આથમ્યો, કેટલા કાળમાં ? અનંત વખત ઊગીને આથમ્યો. એ પ્રભાત છે ? મોહનિદ્રા ટળે, દર્શનમોહની નિદ્રા ટળે ત્યારે સુપ્રભાત થયું. ભાવનિદ્રા ટાળો. છે ને ? 'શ્રીમદ્જી'એ પહેલું જ વાક્ય લીધું છે.

મુમુક્ષુ :– એમણે (એ જ) ભાવ લીધાં છે. બધાં મુમુક્ષુઓ ભેગા થતાં હશે ?

પૂજ્ય ભાઈશ્રી :– એ જાતનો યોગ નહોતો. આમ તો શું છે કે ગુજરાતના ગામડામાં વસતા હતા ત્યારે લોકો ભેગા થતાં હતાં. અમે આ વખતે અગાસની બાજુમાં કાવિઠા ગયા હતા, કાવિઠા ગયા હતા. કાવિઠા 'શ્રીમદ્જી' જે ઘરે રહેતા હતા એ ભાઈના ઘરે અમે ગયા હતા. એને ત્યાં (ઘણાં આવે છે.) 'શ્રીમદ્જી'ના અનુયાયી અત્યારે ઘણાં થઈ ગયા છે એટલે ત્યાં ઘણાં આવે છે. એ પોતે નિવૃત્ત છે એટલે સારું છે, બધાને બતાવે છે. અહીંયાં જમવા બેસતા હતા, અહીંયાં સૂતા હતા. અને જમવા બેસવાનું પોતાના ઘરે હતું જ્યાં અત્યારે પોતે રહે છે ત્યાં ઉપરના માળે. ગાર હતી, અત્યારે તો ત્યાં બધું લાદી ને એવું કરી નાખ્યું છે પણ અહીં ગાર હતી. પેઢીનું મકાન છે એમનું દાદાના (વખતનું). આ જગ્યાએ ચૂલો રાખીને અંબાલાલભાઈ રસોઈ કરતા હતા. અંબાલાલભાઈ રસોઈ કરતા હતા. રસોઈયાની વ્યવસ્થા નહોતી બેસતી. એકાદ વખત બેઠી હતી પણ પછી બેઠી નહિ હોય. બહુ ભક્તિવાળા હતા. પોતે રસોઈ શીખી લીધી કે હવે કૃપાળુદેવ નિવૃત્તિ લઈને આવે એ પહેલા આપણે રસોઈ શીખી લ્યો. બે લાભ. સાન્નિધ્યનો લાભ મળે અને સેવાનો લાભ મળે.

એક વખતે ઉતર્યા ત્યાં સ્ટેશનેથી કોથળો વાસણનો સાથે લઈ લીધેલો. એ વખતે સાધનો નહોતા કે પહેલા બધું ગોઠવી રાખે. નાખ્યો કોથળો ખંભે. (કૃપાળુદેવ કહે), અંબાલાલ આ શું છે ? તો કહે, આ વાણસનો કોથળો છે સાહેબ. કેમ ? તો કે આપની રસોઈ કરવા માટે. રસોઈયો (ક્યાં છે) ? તો કહે, હું હવે રસોઈયો. શીખી લીધી, હવે વાંધો નથી. પોતે રસોઈ કરતા. અંબાલાલભાઈ રસોઈ કરે, ખંભાતના મુમુક્ષુ હતા. મકાન દેખાડ્યું હતું ત્યાં, એ કહે મારા ભાઈનું મકાન છે કાકા-દાદાના. ત્યાં એક મોટો હોલ હતો. એ મોટો હોલ હતો લગભગ એક સાથે દોઢસો બસ્સો માણસ બેસે એવો હોલ હશે. એમનો ફોટો રાખ્યો છે આજે. આ જગ્યાએ આ ફોટો તો અહીંયાં રાખ્યો છે પણ એની બાજુમાં જગ્યા હતી આ જગ્યાએ બેસતા હતા. અને લોકો ગામે ગામથી આવતા હતા. જેમ ખબર પડે આવ્યા છે... આવ્યા છે... એટલે આવતા હતા. એ નિમિત્તે ભેગા થતા હતા, ને એમ ચાલતું હશે. એમ સામૂહિક વાંચન (ચાલતું હશે.)

કાવિઠામાં પાટ ઉપર બેસતા. જે પ્રવચન માટે બેસવા આવતા એ બધા આજુબાજુના નજીકના જ ગામડા હતા. આ બધા નડિયાદ, ઉત્તરસંડા, કાવિઠા,

અગાસ છે. વડવા પણ નજીક છે ત્યાંથી તો. વડવા પણ નજીક છે દસ-પંદર મિનિટ.. વડવામાં તો શું છે કે જ્યારે કાવિઠા ને એ જ બાજુ રહેતા ત્યારે કોઈવાર એ બાજુ આવી જતાં. એકાંત માટે આવતા. ખંભાતથી નજીક પડતું. એ રીતે સામૂહિક થયેલું પણ એ બહુ એટલું બધું પ્રસિદ્ધ નથી. ત્યાં જઈએ તો ખ્યાલ આવે કે .. ઉપદેશ છાયા અને ઉપદેશ નોંધ .... મોટા ગ્રંથની અંદર જે ઉપદેશ છાયા અને ઉપદેશ નોંધ જે પાછળ છે એ વખતે એ બોલેલા એ ધારેલું એ લખાયેલું છે. એ ધારેલું .. ધારણા કરવાવાળામાં આશય ફેર થયો હોય એ સંભવ રાખીને વાંચવાનું હોય. તો કોઈ વાતમાં એવું લાગે કે આ કદાચ બરાબર નહિ પકડ્યું હોય. બાકી એ વાત બધી મૌખિક થયેલી. ને પત્રોની વાત તો પોતાના હસ્તાક્ષરમાં છે.

મુમુક્ષુ :–

પૂજ્ય ભાઈશ્રી :– ભાવલિંગમાં તો આયુષ્ય બહુ મોટું દેવલોકનું બંધાઈ જાય છે. પછી દ્રવ્યલિંગ હોય તો દેવલોકમાં જાય. દ્રવ્યલિંગીને કષાય મંદ હોય ને ? એટલે દેવલોકમાં જાય, દેવલોકમાં જાય એટલે ઓછામાં ઓછું... હલકા દેવમાં જાય તોપણ ઓછામાં ઓછું દસ હજાર વર્ષનું (આયુષ્ય બંધાય).

મુમુક્ષુ :– ભટ્ટારક હોય ને ? કપડાવાળા સાધકો...

પૂજ્ય ભાઈશ્રી :– ભટ્ટારકને ? ઇડરમાં ભટ્ટારકો હતા. ઇડરનો તો પૂર્વભવ સાથે સંબંધ પણ દર્શાવે છે. પાઠશાળામાંથી ‘દ્રવ્યસંગ્રહ’ મંગાવ્યું. આ જગ્યાએ ‘દ્રવ્યસંગ્રહ’ પડ્યું છે.

દ્રવ્યલિંગીને તો કષાયની મંદતા બહુ હોય. દેવલોકમાં જ જાય. મુમુક્ષુઓ લગભગ નિવૃત્તિમાં રહ્યા હોય ને કષાયની મંદતામાં રહ્યા હોય તો અહીંથી દેવલોકમાં જાય. દ્રવ્યલિંગીને તો ઘણી કષાયની મંદતા છે. એનો તો આચાર જ આખો મુનિયોગ્ય, પંચમહાવ્રત, સમિતિ, ગુપ્તિ ઘણો (મંદ કષાય), અત્યંત મંદ કષાયમાં હતાં.

મુમુક્ષુ :– એમને તો ખ્યાલ જ હોય ને ?

પૂજ્ય ભાઈશ્રી :– બહુ સ્પષ્ટ ન કરતાં. બહુ સ્પષ્ટ ન કરતાં. હોય એમ કદાચ એમ કહે દ્રવ્યલિંગી હોય છે. ભટ્ટારક હોય છે. શું હોય એ હજી નક્કી નથી થતું. પ્રસિદ્ધપણે કોઈ કહી શકાય કે આમ જ છે એવું નથી. મનુષ્યભવ કેવી રીતે આવ્યો છે, બહુ ટૂંકા ગાળામાં, એ વિચાર માગે એવો વિષય છે.

મુમુક્ષુ :– આજે કાવિઠામાં સમકાલીન છે અત્યારે ? એ ભાઈ સમકાલીન છે ?

પૂજ્ય ભાઈશ્રી :– ના, એ એમના પિતાશ્રી હતા. ભાઈની ઉંમર હતી લગભગ પાંસઠ સિત્તેર વર્ષની. જે એમનું ઘર હતું એ. છોકરાઓ બધા ધંધે લાગે છે મુંબઈમાં એટલે એ કહે છોકરાઓ ધંધો કરે છે, ધંધો છે મુંબઈમાં મોટો .. ને એમના પિતાશ્રી જે હતા એમનું નામ આવે છે. નામ તો ભૂલી ગયા આપણે. એમના પિતાશ્રી હતા. બે ભાઈઓ હતા. એક ભાઈના ઘરે વાંચન થતું હતું અને એક ભાઈના ઘરે જમવાનું થતું હતું. એમના પિતાશ્રીના વખતથી બધી વાતો સાંભળી હોય ને એટલે ઘણી વાત કરતાં હતા. કોઈપણ જાય એટલે એમને બહુ પ્રેમથી બધું બતાવતા હતા.

મુમુક્ષુ :– ‘શ્રીમદ્જી’ પ્રત્યે ભક્તિ ઘણી ને ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, ભક્તિ ઘણી. લગભગ કાવિઠા પત્ર લખ્યો હશે ને ? ઝવેરચંદ તથા રતનચંદભાઈ. એક ભાઈનું નામ ઝવેરચંદભાઈ હતું, એક ભાઈનું નામ રતનચંદભાઈ હતું.

મુમુક્ષુ :– આપણે ગયા ત્યારે ઝવેરચંદભાઈ હતા.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ ઝવેરચંદભાઈના દીકરા હતા. રતનચંદભાઈના દીકરા મળ્યા હતા. કેવા પણ ! ઓળખાણ નહિ, પિછાણ નહિ, જોયેલા નહિ પણ એટલા ચોંટી પડે, વાત મૂકી દો. હલવા ન દે. બે ભાઈ હતા. ઝવેરચંદભાઈનું મકાન અને રતનચંદભાઈનું મકાન.

પ્રશ્ન :– અઠ્ઠાવીસ મૂળગુણ દ્રવ્યલિંગી હોય તેના ચારિત્ર વફાદાર હોય તે લોકો આવી શકે ને ? મિથ્યાત્વ ...

સમાધાન :– મિથ્યાત્વ હોય છે, પણ ચારિત્ર બાહ્યાચરણ મંદ કષાયપૂર્વક ચોખ્ખું હોય છે. ચોખ્ખું હોય છે. એમાં ગડબડ ન કરે. એમાં ગડબડ કરે તો

એ દ્રવ્યલિંગી પણ નથી. જેમકે અત્યારે છે નગ્ન દિગંબર મુનિઓ દ્રવ્યલિંગી નથી કોઈ. કેમકે આચાર શુદ્ધ નથી. જે શાસ્ત્રોક્ત, જે જિનોક્ત વ્યવહાર છે એ વ્યવહાર શુદ્ધ નથી. જેમકે ઉદ્દેશીક આહારથી ચોકો થાય છે. ચોકો એટલે રસોડું. હિન્દી ભાષામાં ચોકો કહે છે. એમના માટેનું રસોડું થાય છે. એ તો એક આહારનો એક કણ ન લે, પાણીનું એક બિંદુ ન લે. ઉદ્દેશીક (આહાર) મુનિ ન લે. પ્રાણ જાય તો પણ ન લે, દ્રવ્યલિંગી હોય તો ન લે. દ્રવ્યલિંગીની એ મર્યાદા છે. એ એટલે દ્રવ્યલિંગી નથી રહેતા. પછી એથી નીચે બધુ. ખાલી વેશધારી થઈ ગયા.

મુમુક્ષુ :– પછી તો ભૂલનું ફળ ભોગવવાના ને ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ તો છે જ ને. એ તો કુદરતનો વિષય તો કુદરતના ઉપર જ છે. કર્મ નથી છેતરાતા, માણસ છે એ છેતરાય છે. કર્મ છેતરાતા નથી.

મુમુક્ષુ :– આપે કહ્યું ને દ્રવ્યલિંગી દેવલોકમાં જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા કષાય બહુ મંદ હોય. દ્રવ્યલિંગી હોય, ભલે મિથ્યાદર્શન હોય પણ કષાય બહુ મંદ હોય તો જ,... અઠ્યાવીસ મૂળગુણ ને પંચમહાવ્રત ચોખ્ખા કોણ પાળી શકે ? એટલો કષાય મંદ હોય એ જ પાળી શકે. બીજાની તાકાત નથી પાળી શકે. બહુ કષાય (મંદ હોય), પ્રકૃત્તિગત રીતે બહુ મંદ કષાયી જીવ હોય, અત્યંત મંદ કષાયી જીવ હોય એનું કામ છે. રાગ તીવ્ર કષાય હોય તો અઠ્ઠાવીસ મૂળગુણ ને સમિતિ ગુપ્તિ પાળવી એ સહેલી નથી. જંગલમાં રહેવું, ટાઢ-તડકો-વરસાદ (પડતા હોય), ટકે ક્યાંથી ? જ્ઞાન તો છે નહિ, નહિતર તો જ્ઞાનથી ટકે. આત્માનો આધાર હોય તો ટકે. આત્માનો આધાર હજી આવ્યો નથી. ટકે કેવી રીતે ? બહુ કષાય મંદ હોય તો ટકે, નહિતર ન રહી શકે. સીધી વાત છે.

મુમુક્ષુ :– દ્રવ્યલિંગી હોય, અઠ્ઠાવીસ મૂળગુણ પાળતો હોય, એ દેવલોકે જાય.

પૂજ્ય ભાઈશ્રી :– એ દેવલોક જ જાય. એમાં પ્રશ્ન નથી. નવમી ગ્રૈવેક સુધી જાય છે એ તો. ઊંચામાં ઊંચા દેવલોકે જાય છે. સોળ સ્વર્ગ વટાવ્યા પછી નવ ગ્રૈવેયક છે. નવમી ગ્રૈવેયકે જાય છે. મિથ્યાદૃષ્ટિનું છેલ્લામાં છેલ્લું જવાનું ઉત્કૃષ્ટ મંદ કષાય એના હોય તો અહીં સુધી જાય એથી આગળ ન જાય. પછી સર્વાર્થસિદ્ધિ છે, ત્યાં સમ્યક્દૃષ્ટિ જાય છે.

૨૧૩ બોલમાં **'સાધકને એક શુદ્ધ આત્માનો જ સંબંધ હોય છે.'** એટલે એને પોતાના શુદ્ધાત્મા સાથે સીધું અનુસંધાન રાખવાનું હોય છે. એક શુદ્ધાત્માને જ નજરમાં રાખે છે, એના ઉપર જ દૃષ્ટિ છે, એની જ મુખ્યતા છે, એની આગળ બધું ગૌણ છે. પોતાના શુદ્ધાત્મા પાસે, પોતાના પરમાત્મા પાસે બધું ગૌણ છે. કોઈની મુખ્યતા નથી. આખા જગતની મુખ્યતા નથી. 'જગત ઇષ્ટ નહિ આત્મથી. મધ્યપાત્ર...' હજી અહીંયાં મધ્યપાત્ર લીધું. મધ્યપાત્ર મહાભાગ્ય. એટલું કરે તો એ મહાન ભાગ્યશાળી છે. મધ્યપાત્ર છે. ઉત્કૃષ્ટ પાત્ર થઈને પામી જશે.

**'નિર્ભયપણે...'** લોકોનો ભય રાખ્યા વિના, **'નિર્ભયપણે ઉગ્ર પુરુષાર્થ** અંતરંગમાં **કરવો,...'** પુરુષાર્થનો બોલ છે. **'નિર્ભયપણે ઉગ્ર પુરુષાર્થ કરવો,...'** પુરુષાર્થની પ્રેરણા છે. **'બસ ! તે જ લોકાગ્રે જનાર સાધક વિચારે છે.'** પોતાના પુરુષાર્થની સાથે એને સંબંધ છે. પુરુષાર્થની ભાવનામાં છે, ભાવના પુરુષાર્થ સહિતની છે, અને એ જેટલો પુરુષાર્થ ઉગ્ર, એટલી જ સિદ્ધિ નજીક, એટલો જ નિર્વાણ નજીક. જેટલો પુરુષાર્થ એટલું જ આત્મહિત. બસ ! જેટલો જ્ઞાનનો ઉઘાડ એટલું આત્મહિત એમ નથી કહેતા, જેટલો પુરુષાર્થ એટલું આત્મહિત. મોક્ષમાર્ગમાં તો પુરુષાર્થની જ મુખ્યતા છે.

'ટોડરમલજી'એ જ્યાં મોક્ષમાર્ગનો અધિકાર--નવમો અધિકાર શરૂ કર્યો (ત્યાં) પહેલી વાત એ લીધી– મોક્ષમાર્ગમાં પુરુષાર્થની મુખ્યતા છે. જેટલો પુરુષાર્થ જીવનો થાય એટલો જ આગળ વધે, એટલા ગુણ વિકાસ પામે, એટલો એને સુખ-શાંતિને આનંદ રહે, એટલો એ મોક્ષની નજીક ગયો. તેથી **'બસ ! તે જ લોકાગ્રે જનાર સાધક વિચારે છે.'** તે કાંઈ લોકોની સામે જોવા રહેતો

નથી. લોકોની કિંમત પહેલેથી અભિપ્રાયમાં ટાળી નાખી છે કે આની કાંઈ કિંમત જ નથી. લોકોની કાંઈ કિંમત નથી. બસ ! ત્યાંથી જ એ આગળ ચાલે છે. જ્યારે, જેને લોકોસંજ્ઞા છે એને એની જ મુખ્યતા રહ્યા કરે છે. પણ લોકોનું શું ? પણ સમાજનું શું ? પણ લોકોનું શું ? ને સમાજનું શું ? ભાઈ લોકોનું અને સમાજનું જોતા તું ખોવાઈ ગયો., પોતે તું ખલાસ થઈ ગયો.

મુમુક્ષુ :– પાણીમાં રહેવું અને મગર સાથે વેર કેમ રાખવું ?

પૂજ્ય ભાઈશ્રી :– પાણીમાં રહે અને મગર સાથે વેર. વેર તો કોઈની સાથે નથી આમાં. નિર્વેર માર્ગ છે આ. વેરનો પ્રશ્ન નથી.

મુમુક્ષુ :– લોકસંજ્ઞા ટાળવી હોય તો ? સમાજમાં રહેવું...

પૂજ્ય ભાઈશ્રી :– લોકોમાં રહેવું નથી. અભિપ્રાય શું છે ? કે આ લોકોમાં મારે રહેવું નથી. રહેવું એ પ્રશ્ન નથી. મારે લોકોમાં રહેવું નથી. લોકાગ્રે જાવું છે. લોકોને છોડીને લોકાગ્રે જાવું છે આ મારો માર્ગ છે, આ મારું ધ્યેય છે, આ મારો અભિપ્રાય છે. પણ જ્યાં સુધી પૂર્વકર્મનો ઉદય છે ત્યાં સુધી વચ્ચે રહેવાનું છે. જે લોકોની વચ્ચે રહેવાનું છે એ લોકોને ગૌણ કરી દેવા પડે છે. તો લોકોનો સંગ છૂટશે, નહિતર લોકસંગ છૂટશે નહિ. અથવા જે લોકસંજ્ઞાનું ઝેર છે એને તો બરાબર મુમુક્ષુ, સાધક ઓળખે છે કે, આ ઝેર તો મારે ખાવા જેવું નથી.

લોકસંજ્ઞાનું ઝેર કેવું છે ? કે લોકોમાં અમુક સ્થાન પામવું, સ્થાન મળ્યું હોય તો એ સ્થાનને ટકાવી રાખવું, અથવા એથી સારું ઊંચા સ્થાનની પ્રાપ્તિ કરવી. એટલે એની સર્વ પ્રવૃત્તિમાં એ લક્ષ્ય રહ્યા કરે પછી. દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રવૃત્તિ કરે પાછો એ જીવ, પણ બધાયમાં એને લક્ષ એ હોય કે લોકોની અંદર મારું સ્થાન વધે છે કે નહિ ? આ એને લક્ષ હોય. શાસ્ત્ર વાંચે, સરસ વાંચે શાસ્ત્ર વાંચે લ્યો. ઠીક. ઓરેટરી હોય. સારું એવું શાસ્ત્ર વાંચે. શાસ્ત્ર વાંચન કરે છે. શું અભિપ્રાયથી કરે છે ? એના ઉપર એનું મૂલ્યાંકન થાય. કેવું કરે છે ? એના ઉપર મૂલ્યાંકન નથી, પણ શું અભિપ્રાય રાખીને કરે છે એના ઉપર એની કિંમત છે. જો લોકસંજ્ઞા હોય એની અંદર તો બહુ નુકસાન કરે. સાંભળનારો નુકસાન કરે એના કરતાં વાંચનારો વધારે નુકસાન કરે. કેમકે એને વધારે ઝેર પીવાઈ જાય છે. રસ ચડે છે. પુણ્યનો ઉદય હોય તો લોકો માન આપે, સ્થાન આપે. એ તો પુણ્યના ઉદયનું કારણ છે, એ કાંઈ લાયકાતનું કારણ નથી.

મુમુક્ષુ :– સંસાર તો જૂઠનો આગ્રહ, અસત્યનો આગ્રહ કરાવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ તો સંયોગો, રચના જ એવી છે સંસારની. આનાથી આ થાય ને આનાથી આ થાય, આનાથી આ થાય. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકતું નથી. કેટલાક નિમિત્ત-નૈમિત્તિક સંબંધો સબંધીના અપેક્ષિત ધર્મો છે. એ તો અપેક્ષિત ધર્મો છે, કાંઈ ત્રિકાળી ગુણ નથી. એટલે એવી લોકની રચના છે કે, જીવને એમ થાય કે આનાથી આનું કાર્ય થાય છે. એક પદાર્થની શક્તિ બીજા પદાર્થનું કામ કરે છે. એ અસત્ય અને જૂઠનો આગ્રહ કરાવે એવી લોકરચના છે. એ 'શ્રીમદ્જી'એ સ્પષ્ટ કર્યું છે. લોકરચના તો એવી છે કે અસત્યનો આગ્રહ થાય. એને સમજે છે એને એ આગ્રહ થતો નથી. એ કોઈથી કોઈનું થવાનો પ્રશ્ન નથી. જે થવાનું જે કાળે, જેમ થવાનું તેમ થવાનું છે એમાં કોઈનું કર્યું કાંઈ થાતું નથી. વસ્તુનું સ્વરૂપ તો, વસ્તુનું જ્ઞાન તો, વસ્તુના સ્વરૂપ અનુસારનું જ્ઞાન તો વીતરાગતામાં જ પરિણમે એ સીધે સીધો વિષય છે.

પ્રશ્ન :– પુરુષાર્થ અને રુચિથી.

સમાધાન :– રુચિ અનુયાયી છે. જેવી રુચિ છે એવો પુરુષાર્થ. પણ એ તો શું છે કે શરૂઆતવાળાને રુચિનો બોલ લાગુ પડે છે. જેને પુરુષાર્થ પ્રગટ થયો એને તો પુરુષાર્થમાં જ આગળ વધવાનું છે. એને કાંઈ રુચિનો પ્રશ્ન નથી. એ પગથિયું એનું પૂરું થઈ ગયું છે. મુમુક્ષુ જીવને અનાદિથી જેને બાહ્ય રુચિ, અનાત્માની રુચિ, રાગની રુચિ પડી છે; એને અહીંયાં કહે છે કે, જ્યાં સુધી તારી રુચિ ઊલટી હશે, ત્યાં સુધી તારો

પુરુષાર્થ સવળો ચાલશે નહિ, પણ રુચિને અનુસરીને ઊંધી રુચિમાં અવળો જ ચાલશે. દિશા બદલવા માટે એ વાતનું સ્પષ્ટીકરણ આવે છે.

મુમુક્ષુ :– અને ઉગ્ર પુરુષાર્થ...

પૂજ્ય ભાઈશ્રી :– નિર્ભયપણે ઉગ્ર પુરુષાર્થ કરવો એટલે જોરથી. ઉગ્ર એટલે વિશેષ બળવાન પુરુષાર્થ (કરવો). પુરુષાર્થના પરિણમનમાં બળ હોવું જોઈએ. બળ એટલે ત્યાં ઉગ્રતા, તારતમ્યભેદે પણ એની અંદર ઘણા તબક્કા છે. મુમુક્ષુમાં સમ્યક્ સન્મુખ થાય ત્યારથી સહજ પુરુષાર્થ શરૂ થાય છે. એ જ પુરુષાર્થ આગળ વધીને એક તબક્કે સમ્યક્દર્શન પ્રાપ્ત થાય અને અભેદ સ્વાનુભૂતિ અનુભવ પ્રગટ થાય. શુદ્ધોપયોગ થાય એટલી હદનો પુરુષાર્થ થાય છે. ત્યાર પછી ચોથા ગુણસ્થાનમાં પુરુષાર્થ વૃદ્ધિગત થઈને પાંચમાં ગુણસ્થાન સુધી આવે છે. પાંચમાં ગુણસ્થાનથી આગળ વધીને મુનિદશાનો પુરુષાર્થ આવે છે. મુનિદશામાં આગળ વધીને શ્રેણી માંડવાનો પુરુષાર્થ (આવે છે.) કહેવાય બધો પુરુષાર્થ પણ એના અસંખ્ય ભેદ છે. એક ગુણસ્થાનમાં અસંખ્ય ભેદ છે. ગુણસ્થાન તો ચૌદ સુધીના છે, પણ એક એક ગુણસ્થાનમાં અસંખ્ય ભેદ છે. એવો પુરુષાર્થનો વિષય આખો જુદો જ છે. એટલે સાધકજીવ તો પોતાના પુરુષાર્થને સંભાળે છે. જગતને ને સમાજને સંભાળવામાં એ પોતાનો પુરુષાર્થ ખોઈ બેસતા નથી. એમ કહેવું છે. ૨૧૩ પૂરો થયો.

---

*(પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા...)*

તે જાણે છે ને તે વિભાવથી પોતાની પરિણતિને છૂટી પાડતો પુરુષાર્થ કરતો જાય છે. દૃષ્ટિની સાથે વિભાવથી છૂટવાના પુરુષાર્થની દોરી સાથે (ને) રાખે છે. વિભાવમાં એકત્વ થતું નથી અને તેની જેટલી ઉગ્રતા થાય છે તે પ્રમાણે પુરુષાર્થ કરતો જાય છે.

આમ પુરુષાર્થ કરતાં-કરતાં તેની ભૂમિકા પલટાઈ જાય છે. ચોથી ભૂમિકા પછી પાંચમું ગુણસ્થાન, પછી છઠ્ઠા–સાતમાની ભૂમિકામાં તે પોતાના સ્વભાવની દોરીને વધારે ખેંચતો હોવાથી જ્ઞાનની ઉગ્રતા, જ્ઞાતાધારાની તીખાશ અને વિરક્તિ વધતી જાય છે. સ્વભાવની એકદમ નિર્મળતા થતી જાય છે ને સ્વાનુભૂતિની દશા વધતી જાય છે. તેની દૃષ્ટિ ચાલુ છે ને પુરુષાર્થની દોરી પણ સાથે ને સાથે ચાલુ જ છે. **(સ્વાનુભૂતિદર્શન-૨૪૯)**

પ્રશ્ન :– જ્ઞાનનું ફળ વિરતિ છે, તો મુમુક્ષુની ભૂમિકામાં થોડું વિભાવથી રહિત થવું જોઈએ ને ?

સમાધાન :– યથાર્થ જ્ઞાન પ્રગટે, જ્ઞાયકની ધારા પ્રગટે તેનું ફળ વિરતિ છે તેથી જેને જ્ઞાયકની ધારા પ્રગટે તેને વિરક્તિ આવી જાય છે, તે વિભાવથી છૂટો પડી જાય છે, અનંતાનુબંધી કષાયો તૂટીને અંશે સ્વરૂપરમણતા પ્રગટે છે. જ્ઞાનનું ફળ વિરતિ છે. તે કારણે જ્ઞાયકની ધારા પ્રગટે છે તેમાં તેને અમુક અંશે વિભાવ છૂટી જાય છે.

મુમુક્ષુ ભૂમિકામાં જ્યાં જિજ્ઞાસા પ્રગટ થઈ ત્યાં તે વિચાર-વાંચન કરે તેની સાથે તેને અમુક વૈરાગ્યાદિ હોય જ છે, ન હોય તો તેટલી રુચિ જ નથી. આત્મા તરફ રુચિ જાય અને વિભાવનો રસ ન છૂટે તો તેને તત્ત્વની રુચિ જ નથી. વિભાવનો રસ છૂટવો જ જોઈએ. જ્ઞાયકની ધારા પ્રગટે તે યથાર્થ વિરતિ છે. જિજ્ઞાસુને અભ્યાસમાં આત્માની રુચિ જાગે તેને વિભાવનો રસ છૂટવો જ જોઈએ. તે તત્ત્વ વિચાર કરે, વાંચન કરે પણ અંદરથી એટલો વૈરાગ્ય ન આવે તો યથાર્થ રુચિ જ નથી. રુચિ સાથે તેને થોડી વિરક્તિ અને અંદરથી વિભાવનો રસ છૂટી જવો જોઈએ. **(સ્વાનુભૂતિદર્શન-૨૫૦)**

# કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી પ્રત્યે પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના હૃદયોદ્‌ગાર

કૃપાળુદેવના જીવનમાંથી એક બહુ મોટી વાત સમજવાની કે શીખવાની મળે છે એ ઇ વાત છે કે, એમને આગમમાંથી ખબર પડી કે આ કાળે મોક્ષ થતો નથી તોપણ એમનો પુરુષાર્થ એ વાતનો સ્વીકાર કરતો નથી. ઘડીભર માટે એમનો પુરુષાર્થ સ્વીકાર કરતો નથી કે શું કરવા મોક્ષ ન હોય ? મોક્ષ તો સ્વરૂપમાં એક અંતર્મૂહુર્ત એટલે બે ઘડી સુધી જો સ્થિર થાય તો અવશ્ય થાય જ. આ પરિસ્થિતિ છે તો કૃપાળુદેવે જોયું કે, હું સ્વરૂપમાં તો સ્થિર થઈ શકું છું, હું સ્વરૂપમાં સારી રીતે સ્થિર રહું છું. અરે...! સ્થિર રહું છું એમ નહિ, ૨૪મા વર્ષે ૨૫૫ પત્રમાં એમ કહે છે કે, દેહ છે કે નહિ એ માંડમાંડ યાદ કરું ત્યારે મને યાદ આવે છે કે હજી પાડોશમાં દેહ છે. એની સામું જોવે ત્યારે ખબર પડે છે. ભૂલી જાય છે પાડોશીને એવી મસ્ત જેની અધ્યાત્મ દશા છે એ એમ કહે છે કે, તો પછી હું શા માટે સ્થિર ન રહી શકું ? સ્થિર થાઉં છું તો ખરો, સ્થિર થતાં આવડે છે, એ સ્વરૂપસ્થ થવાની કળા મને આવડી છે તો હું શા માટે સ્થિર ન રહું ? એમ પુરુષાર્થ ઉપાડ્યો. એમનું જીવન, એમનું પરિણમન એમના પુરુષાર્થનું બળ એમના વચનોમાંથી બહાર આવે છે.

(શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૨૫૪ રાજકોટ (૭), ૨૫.૦૦ મિનિટે)

જેટલો એ મોક્ષમાર્ગમાં આવનારને આદર આપે છે, એક બાજુથી જેટલું એ વાત્સલ્ય કરે છે, એટલું જ સામા જીવને માર્ગે ચડાવવા માટે એનો દોષને પણ સ્પષ્ટ કહી દ્યે છે. એમાં પણ એ હિતબુદ્ધિએ ગોળગોળ રાખતા નથી. આવવા માટે આદર આપે છે, એને વૃદ્ધિગત થવા માટે આદર આપે છે, બીજી બાજુથી એના દોષની વાત આવે છે તો ચોખ્ખી કહી દ્યે છે. એની અંદર થાબણભાણા કરતા નથી. આવી જે એમની વિચક્ષણતા છે એ એક અસાધારણ અને લોકોત્તર વિચક્ષણતા છે અને જેમ જેમ એમના પત્રો વાંચીએ તો એ વિષયની સૂક્ષ્મતા અને વિશેષતા નજરમાં આવે છે, એનો અભ્યાસ થાય છે. એ વાત પોતાને એક ઉપદેશાત્મક પ્રસંગ ગણીને અંગીકાર કેવી રીતે કરવી એ પણ એમાંથી લક્ષ કરવા જેવો વિષય છે.

(શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૨૭૩થી ૨૭૭ S.R. No. ૭૫, ૮.૦૦ મિનિટે, તા. ૦૧-૧૧-૧૯૮૯)

ચાલતા મતના પ્રકારની વાત કાને પડે છે કે હૃદયને વિષે મૃત્યુથી પણ અધિક વેદના થાય છે. જૈનના ચાલતા મત, સંપ્રદાયની વાતો સાંભળીએ છીએ કે આ સંપ્રદાયમાં આમ ચાલી રહ્યું છે, આ સંપ્રદાયમાં આમ ચાલી રહ્યું છે, ત્યારે હૃદયને વિષે મૃત્યુથી પણ અધિક વેદના થાય છે કે, અરે..રે...! જૈનના નામે આ !! જૈન પરમેશ્વરના નામે આ ગડબડ ! એટલે કે અન્ય મતની જેમ લોકો પ્રવર્તતા જોવામાં આવે છે ત્યારે અમને મૃત્યુથી પણ અધિક વેદના થાય છે કે, અરે..રે...! સન્માર્ગના નામે ઉન્માર્ગ ! સન્માર્ગના નામે લોકો ભોળવાઈને આવી રીતે અનુસરે છે. પોતાને વેદના ઊપડે છે, જાણે મૃત્યુથી અધિક વેદના થાય છે. જુઓ ! કેટલો માર્ગનો અનુરાગ છે કે લોકોનો સમૂહ ઉન્માર્ગે વળેલો જોઈને મૃત્યુ જેવી વેદના થાય છે, મૃત્યુ જેવી નહિ, મૃત્યુથી અધિક વેદના થાય છે. એ બહુ કુદરતી ઉત્પન્ન થયેલી પરિણામની પરિસ્થિતિ છે.

(શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૨૭૩થી ૨૭૭ S.R. No. ૭૫, ૫૫.૦૦ મિનિટે, તા. ૦૧-૧૧-૧૯૮૯)

લખાણની અંદર એવા સમર્થ પુરુષ છે કે જે એમની કલમ ચાલે છે એ એટલી બધી અસાધારણ છે છતાં એમ લખે છે કે, હું પત્રમાં લખી નહિ શકું એવો વિષય છે. હું સમાગમે ચર્ચા કરીશ. તત્ત્વનો કેટલો સૂક્ષ્મ વિષય હશે કે પોતે કલમ ચલાવવામાં આટલા સમર્થ છે તોપણ એ કલમ અટકે છે, ચાલતી ચાલતી અટકે છે કે, આ વિષયમાં અનેક નયો કામ કરે છે. અનેક નયોથી આ વિષયને સંતુલિત રીતે પ્રદર્શિત કરવો જોઈએ. લખાણમાં લખવા જતાં કોઈક એક જગ્યાએ વજન આપવાને બદલે બીજી જગ્યાએ સામાનું વજન ચાલ્યું જશે તો અર્થનો અનર્થ કરશે, નુકસાન કરી બેસશે. એટલે લખાણ છોડી દ્યે છે.

(શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક–૧૩૨ S.R. No. ૩૩, ૧૦.૦૦ મિનિટે, તા. ૩૦-૦૮-૧૯૮૯)

સત્પુરુષ તો એમના હૃદયમાં ક્યાંય પેસી ગયા છે એ કહેવું મુશ્કેલ પડે એવું છે. બહુ શૈલી કરી છે. આ વિષયમાં એમણે જે શૈલી કરી છે એ ગજબ કરી છે !

(શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક–૨૧ S.R. No. ૧૬, ૫૫.૦૦ મિનિટે, તા. ૧૮-૦૭-૧૯૮૯)

આ દેહે પોતે તો જાણે આ ભવે મુક્તિના જોરમાં છે ! આ એમના પુરુષાર્થની વિશિષ્ટતા છે. ઘણો પુરુષાર્થ છે, તીવ્ર પુરુષાર્થ છે. અતિ પુરુષાર્થવંત જેને કહીએ એવા ધર્માત્મા છે.

પોતે જ્ઞાનદશામાં બહુ જોરથી પ્રવેશ કર્યો છે. એકાવતારી પુરુષ છે એટલે એમની પુરુષાર્થની શ્રેણી, જાત કોઈ (વિશિષ્ટ) જાતની છે. જો આયુષ્ય હોય તો આવા જીવો અસંગદશામાં આવે એવી ચોખ્ખી વાત છે. એમના માટે જો વિચારીએ તો એવી કોઈ ચોખ્ખી વાત છે કે જો પચાસ-પોણોસો વર્ષનું આયુષ્ય હોય તો આવા ધર્માત્માઓ, મહાત્માઓ નિર્ગ્રંથ દશામાં સર્વસંગ પરિત્યાગ કરીને અસંગ દશામાં જંગલમાં ચાલ્યા જાય એવી એમની દશા છે.

(શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક–૩૦૪થી ૩૦૬ S.R. No. ૮૩, ૪૦.૦૦ મિનિટે, તા. ૧૨-૧૧-૧૯૮૯)

એ વારંવાર પોતાની દશા લખે છે, અંતરંગ દશા લખે છે. એ પણ એક મુમુક્ષુ માટે બહુ ઉપકારી વિષય આ ગ્રંથમાં થઈ પડ્યો છે. કેવી કેવી પરિસ્થિતિમાં અંદર ચાલ્યા છે, આત્મામાં ચાલ્યા છે. બહારમાં આવી પરિસ્થિતિ હોવા છતાં અંદર કેવી રીતે વર્ત્યા છે એ એમની જે પરિણામની ચાલ છે એ બહુ અભ્યાસ કરવા જેવો વિષય છે.

પોતાની દશા માટે ફેરવી ફેરવીને બહુ લખે છે અને એ બહુ અભ્યાસ કરવા જેવો વિષય કોઈ આ ગ્રંથમાં ખાસ વિષય રહી ગયો હોય, તત્ત્વદૃષ્ટિએ અભ્યાસવા જેવો, તો આ વિષય જ છે. જ્ઞાનીની અંતરંગ દશાથી સામાન્યપણે અજ્ઞાની જીવ અપરિચીત છે. એને પરિચય થાય એવો આ વિષય ચાલે છે. એનો પરિચય મળે એવો આ વિષય છે. (શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક–૩૭૩ S.R. No. ૧૦૮, ૪૦.૦૦ મિનિટે, તા. ૧૬-૧૨-૧૯૮૯)

એમનો જે સ્વરૂપ પ્રત્યયી પુરુષાર્થ અને અંતરંગ જ્ઞાનદશા છે એ ઘણી અદ્ભુત છે ! એનો બહુ સૂક્ષ્મતાથી સ્વાધ્યાય કરતા તત્ત્વદૃષ્ટિ પ્રાપ્ત થાય એવો વિષય છે. ભલે એ પર્યાયનો વિષય છે તોપણ જે પર્યાયમાં સ્વભાવ પ્રગટ થાય છે અથવા જે પર્યાય વ્યક્ત સ્વભાવાકારે પ્રગટ હોય છે એ પર્યાય પણ સ્વભાવદૃષ્ટિનું નિમિત્ત થાય છે. બીજાને સ્વભાવદૃષ્ટિ થવાનું એ નિમિત્ત બને છે. એ દૃષ્ટિથી એમનું અંતરંગ જીવન છે એનું અવલોકન કરવા યોગ્ય છે. (શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક–૪૩૮ S.R. No. ૧૪૮, ૩૨.૦૦ મિનિટે, તા. ૧૬-૦૪-૧૯૯૦)

## દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ પત્રાંક-૩૩ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન તા. ૯-૦૮-૧૯૯૧

(પત્રમાં) પ્રશ્ન એ ઊઠાવ્યો છે કે, સાધકદશામાં ધર્મીજીવને ઉપયોગ બહાર જાય છે ત્યારે દેવ, ગુરુ, શાસ્ત્ર મુખ્યપણે એમના ઉપયોગનો વિષય હોય છે. એ વીતરાગી નિમિત્તોમાં નિમિત્તપણું એટલા માટે લાગુ પડે છે કે, અહીંયા પણ વીતરાગતા કેળવે છે.

જેમકે દૃષ્ટાંત લઈએ કે, અમૃતચંદ્રાચાર્યદેવે એમ કહ્યું કે, આ સમયસાર શાસ્ત્રની ટીકા કરતાં મારી પરિણતિમાં વિશુદ્ધિ થાઓ ! (હવે) શાસ્ત્રની જે ટીકા કરશે એ તો વિકલ્પથી કરશે (અને) વિકલ્પ તો રાગાત્મક છે અને રાગથી કાંઈ વિશુદ્ધિ થાય ? તો ત્યાં શું છે કે, માત્ર એકલો રાગ નથી. ખરેખર તો એમની પરિણતિનો વિષય શુદ્ધાત્મા છે અને બહારના વીતરાગી નિમિત્તોના બહાને પણ એ પોતાના ઇષ્ટ એવા સ્વરૂપને વિશેષ દૃઢ કરે છે. આ પ્રશ્નનો આશય આટલો છે. જવાબ એમણે બહુ સૂક્ષ્મતાથી આપ્યો છે. આ સ્થૂળ ન્યાય છે. આ પ્રકારે સાધકજીવને દેવ, ગુરુ, શાસ્ત્રના નિમિત્તે પણ આત્મવિશુદ્ધિ વધતી જાય છે, એમ જે કહેવાય છે એ સ્થૂળ ન્યાય છે. સૂક્ષ્મપણે બીજી વાત છે, એ કેટલી હદે સૂક્ષ્મતાથી સમજવી જોઈએ – એ એમના ઉત્તરનો વિષય છે.

મુમુક્ષુ :- આપનો પ્રશ્ન વ્યવહારથી છે અને ઉત્તર આપ્યો છે ઉપાદાનથી.

પૂજ્ય ભાઈશ્રી :- ઉત્તર બહુ સૂક્ષ્મતાથી આપ્યો છે. બહુ સૂક્ષ્મતાથી આપ્યો છે. સામાન્યપણે ધર્મીને પણ ચોથા, પાંચમાં અને છઠ્ઠા ગુણસ્થાને અનિવાર્યપણે ઉપયોગ બહાર જાય જ. એનું કોઈ નિવારણ નથી. એ ગુણસ્થાનની અનિવાર્ય પરિસ્થિતિ છે. અને અનિવાર્ય પરિસ્થિતિમાં જ્યારે સાધક ઊભા છે ત્યારે એને ખ્યાલ છે; તો એમનો વિવેક એ છે કે, દેવ, ગુરુ, શાસ્ત્રમાં ઉપયોગને બુદ્ધિપૂર્વક પણ જોડે છે. આમાં બુદ્ધિપૂર્વક વાત લીધી છે. ધર્મીજીવ બુદ્ધિપૂર્વક દેવાદિક પ્રત્યે



પરિણામને લગાવે છે તો ત્યાં પણ તેમનો આશય તો સ્વરૂપને દૃઢ કરવાનો જ હોય છે. એ વિષય ઉપર સ્પષ્ટીકરણ આપો – આ પ્રશ્ન છે. અને એમણે બહુ સૂક્ષ્મતાથી પહેલો જવાબ આપ્યો છે.

ઉપયોગ જેટલો બહાર ગયો અને દેવાદિક પ્રત્યે જે ભક્તિ થઈ એમાં રાગ તો છે પણ જ્ઞાન પણ એની સન્મુખ થાય છે – ઉપયોગ પણ એની સન્મુખ થાય છે. દેવ, ગુરુ, શાસ્ત્રની સન્મુખ ઉપયોગ થાય છે. તો એ પરિણામ અંશ કેટલો છે ? રાગ પણ અધૂરો છે એટલે આંશિક કહ્યો. અને ઉપયોગ – જ્ઞાનનો પર્યાય પણ આંશિક છે કેમકે લબ્ધની પર્યાય તો આત્મા સાથે લાગેલી છે. એ જ પર્યાયનો એક અંશ આત્મા સાથે છે. (હવે) એટલો જે અંશ છે કે જેનો સંબંધ પરદ્રવ્ય સાથે છે, એનાથી તો સ્વરૂપને લાભ થાય કે સ્વરૂપની દૃઢતા થાય એ વાત માન્ય કરવા જેવી નથી. એનાથી લાભ થયો નથી. એ વાત ચોખ્ખી છે. બહુ તાત્ત્વિક વાત લીધી છે. તત્ત્વદૃષ્ટિએ તે આસ્રવતત્ત્વમાં જાય છે. સંવર તત્ત્વમાં જતું નથી. જો તત્ત્વદૃષ્ટિએ વિચારો તો એ આસ્રવતત્ત્વમાં જાય છે. એ બંધનું કારણ છે એમાં જાય છે. આસ્રવ તો બંધનું કારણ છે, બંધહેતુ છે. એ બહુ તાત્ત્વિકદૃષ્ટિએ ઉત્તર આપ્યો છે. કેમકે બુદ્ધિપૂર્વકની વાત ચાલી ને ! એટલે બીજાની એ વાત છે.

૨. **''મનઆશ્રિત (વિચારપૂર્વક) માન્યતાસે યથાર્થ અખંડઆશ્રિત સહજ આંશિકવૃત્તિકા સદ્ભાવ (ઉદ્ભવ) નહીં હો સકતા.''** વિચારપૂર્વક (એટલે) બુદ્ધિપૂર્વક. હવે આ ઉત્તર છે એ જ્ઞાની માટે નથી. વિષયને સ્પષ્ટ કરવા માટે આમાં કેટલાક ઉત્તર એમણે જ્ઞાની માટે લીધા છે (અને) કેટલીક વાતો એમણે અજ્ઞાની માટે લીધી છે.

**''મનઆશ્રિત (વિચારપૂર્વક) માન્યતાસે...''** એટલે આપણે જે એમ કહીએ છીએ ને કે, નવ તત્ત્વને હું માનું છું, હું જૈન દેવ, ગુરુ, શાસ્ત્રને માનું છું. હું જિનોક્ત છ દ્રવ્યને માનું છું, હું આત્માને - મારા સ્વરૂપને જ્ઞાયક માનું છું, હું બે પદાર્થની ભિન્નતાને પણ માનું છું. આવી જે મનઆશ્રિત વિચારપૂર્વકની જે માન્યતા છે (એટલે કે) ખાલી હજી વિચારથી જે માન્યું છે – એ માન્યતાથી **''... યથાર્થ અખંડઆશ્રિત સહજ આંશિકવૃત્તિકા સદ્ભાવ (ઉદ્ભવ) નહીં હો સકતા.''** સદ્ભાવ એટલે અહીંયા ઉદ્ભવ થવો, ઉત્પન્ન થવું. આ માન્યતાથી અખંડઆશ્રિત સહજ આંશિકવૃત્તિનો ઉત્પન્ન થવાનું કારણ નથી બનતું. કેમકે એવી માન્યતા તો ઘણાં કરે છે. શાસ્ત્ર વાંચીને અભવી જીવ પણ (આવી માન્યતા) કરે છે. અભવીજીવ અગિયાર અંગ વાંચે છે પણ એને પણ કાંઈ પોતાના અખંડ સ્વરૂપના આશ્રયે જે આંશિક શુદ્ધવૃત્તિનો સદ્ભાવ થવો જોઈએ એ ઉત્પન્ન નથી થતો. એ વિચારની માન્યતામાં કંઈ દમ નથી. આ એક વાત એવી છે કે મુમુક્ષુને ઘણી પ્રયોજનભૂત છે. ઘણાં લોકો એવું માની લે છે કે, આપણે તો આ માન્યું. આપણે તો આ માનીએ છીએ, આપણે ક્યાં બીજું માનીએ છીએ ? એ વિચારપૂર્વક જે મનઆશ્રિત માન્યું છે એને એ માન્યતા ગણે છે – શ્રદ્ધા ગણે છે. અને (એમ માને છે કે) પુરુષાર્થ હજી આપણો થોડો કાચો છે, આપણા પુરુષાર્થની નબળાઈ છે. (એટલે એનો અર્થ એ થયો કે) આપણી માન્યતા (તો) સાચી છે, પણ આપણો પુરુષાર્થની નબળાઈ છે એટલે અનુભવ થતો નથી. (પણ એ) ખોટી વાત છે. એ માન્યતાથી ખરેખર જો શુદ્ધવૃત્તિ ઉત્પન્ન થતી હોય કે અનુભવ થતો હોય (તો) એ વાતને કારણ-કાર્ય લાગુ પડતું નથી. (અને), જો લાગુ પડે તો અભવીને પણ (અનુભવ) થઈ જાય. કેમકે અગીયાર અંગનો પાઠી તો એ પણ છે. એ કારણ-કાર્ય (લાગુ) નથી પડતું. એવી માન્યતામાં (જો) કોઈ આવી જાય કે, દેવ, ગુરુ, શાસ્ત્રની બુદ્ધિપૂર્વકની પ્રવૃત્તિ છે તો માન્યતાની અપેક્ષાએ આ એક વિચારણીય પ્રશ્ન થઈ જાય.

સાચા દેવ, ગુરુ, શાસ્ત્રને માનતો ન હોય કે વિરોધ કરતો હોય તો એની તો ચર્ચા કરવાની જરૂર નથી. પણ માનતો હોય માટે એને અનુભવ થાશે એ વાતમાં કાંઈ માલ નથી. વાત કોઈ બીજી છે – અનુભવ થવાં માટેની વાત કોઈ બીજી છે, એમ કહેવું છે.

મુમુક્ષુ :- એના ગર્ભમાં સાધનની ભૂલ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમાં માન્યતાની ભૂલ છે, વિધિની ભૂલ છે. સાધનની ભૂલ કહો કે વિધિની ભૂલ કહો (બન્ને એકાર્થ છે).

મુમુક્ષુ :- એ માન્યતાને જાણપણાની કોટીમાં રાખે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એને (જે) જાણપણું થયું છે એને એ માન્યતા સાચી માને છે. એની માન્યતા જે ખરેખર અંદરથી ફરવી જોઈએ, શ્રદ્ધા જે બદલવી જોઈએ એ તો હજી બદલી નથી. અથવા જેની યથાર્થ સમજણ છે એને બીજો ખ્યાલ હોય છે. આ જ જગ્યાએ, આવી સ્થિતિમાં યથાર્થતામાં શું ખ્યાલ હોય ? કે, અહીંયા હજી દર્શનમોહ મંદ થાય છે હજી અભાવ થતો નથી. મંદ થવું એક વાત છે અને અભાવ થવું એ બીજી વાત છે. મંદતામાં સદ્ભાવ છે. અસ્તિ-નાસ્તિ જેટલો, પૂર્વ-પશ્ચિમ જેટલો, અંધારા-અજવાળા જેટલો ફેર છે. (મિથ્યાત્વ) મંદ તો અનંતવાર થયું છે (પણ) નાશ થાય તો જન્મ-મરણનો છેડો તૂટી જાય. અનંતતાનો છેડો તૂટી જાય. સદ્ભાવ હોય તો હજી મિથ્યાત્વના ગર્ભમાં અનંતા જન્મ-મરણ બેઠાં છે. એ હજી જીવે છે, એ બીજડું જીવે છે. બીજ બળ્યું નથી તો ગમે ત્યારે ઊગી નીકળે, એનો (કાંઈ) ભરોસો છે ? દર્શનમોહનો અભાવ થાય ત્યારે તો બીજ બળી જાય છે. એ બીજી વાતનું (સ્પષ્ટીકરણ) થયું. હવે, ત્રીજો (મુદ્દો).

**''ત્રિકાલી અસ્તિત્વમયી સ્વ,...''** એટલે પોતાનું શુદ્ધ આત્મ સ્વરૂપ. જે એમને એમ ત્રિકાળ શુદ્ધ અસ્તિત્વરૂપે રહે છે. **''ત્રિકાલી અસ્તિત્વમયી સ્વ, ઇસ આશ્રિત પરિણમી હુઈ આંશિક શુદ્ધવૃત્તિ...''** (હવે)

જ્ઞાનીની વાત ચાલે છે. એ સ્વરૂપાશ્રિત પરિણમેલો શુદ્ધિનો અંશ (એટલે કે) સાધકદશાનો અંશ. (હવે) ત્રીજું, એ જ સાધકને ''**...દેવાદિક પ્રત્યેકી આંશિક બાહ્ય વૃત્તિ...**'' એ જ સાધકને દેવ, ગુરુ, શાસ્ત્ર પ્રત્યેનો જે ઉપયોગ ને રાગ ચાલે છે તે. એક જીવમાં ત્રણ વાત લીધી. (૧) શુદ્ધ સ્વરૂપ (૨) એ શુદ્ધસ્વરૂપ આશ્રિત અંશે પરિણમન અને (૩) શુદ્ધ સ્વરૂપથી બીજી દિશામાં જાતો પરિણમનનો અંશ. બે અંશ પરિણામના લીધાં.

''**—તીનોં અંશોકા...**'' એક પદાર્થ છે એટલે તેના ત્રણ અંશ થઈ ગયા. પદાર્થ એક હોવાથી તેના ત્રણ અંશ થઈ ગયા. ''**તીનોં અંશોકા એક હી સમય ધર્મીકો અનુભવ હોતા હૈ,...**'' ધર્મીને તો ત્રણેનું જ્ઞાન છે – ત્રણેનો અનુભવ છે. ''**જિસમેં મુખ્ય-ગૌણકા પ્રશ્ન નહીં.**'' આ પ્રમાણ(જ્ઞાન)નો વિષય લીધો. પ્રમાણમાં મુખ્ય-ગૌણ નથી. નયથી મુખ્ય-ગૌણ થાય છે. નિશ્ચયનય મુખ્ય થાય ત્યારે વ્યવહારનય ગૌણ થાય (અને) વ્યવહારનય મુખ્ય થાય ત્યારે નિશ્ચયનય ગૌણ થાય. પણ પ્રમાણમાં કોઈ મુખ્ય-ગૌણ નથી. તો આ વાત પ્રમાણથી લીધી.

મુમુક્ષુ :- અનુભવનો અર્થ ત્યાં જાણપણું લેવું ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એકસાથે ત્રણેનું જ્ઞાન વર્તે છે. પોતાના શુદ્ધાત્માનું પણ જ્ઞાન વર્તે છે, પોતાને શુદ્ધ પરિણતિ કેટલી થઈ છે તેનું પણ જ્ઞાન વર્તે છે, પોતાને અશુદ્ધિ કેટલી રહી તેનું પણ જ્ઞાન વર્તે છે. અવસ્થાની શુદ્ધિનું જ્ઞાન, અશુદ્ધિનું જ્ઞાન; સાધકદશા છે ને હજી એટલે અશુદ્ધિ છે અને શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન – આ બધું એક સાથે જ્ઞાન (વર્તે) છે એમાં સાધકને મુખ્ય-ગૌણનો પ્રશ્ન નથી. પ્રમાણના દૃષ્ટિકોણથી એના પરિણમનને જોવામાં આવે તો. આમ લેવું.

ગુરુદેવે બધું વાંચ્યું છે ને ! (એમણે) જોયું કે કેવું-કેવું કાઢ્યું છે ! એક Issue ઊભો થયો તો એ વાતને કેટલા પડખાંથી વિચારે છે !! (પ્રમાણમાં) મુખ્ય-ગૌણનો પ્રશ્ન નથી. કહો કે લક્ષ કરવું કહો કે અસ્તિત્વ ગ્રહણ કરવું કહો –એક જ વાત છે. આ તો ચર્ચા પણ નથી ચાલતી કે, પ્રમાણમાં મુખ્ય-ગૌણ હોય કે નહીં ? એ તો ચર્ચા પણ ચાલતી નથી. પ્રમાણના પક્ષવાળામાં પણ એ ચર્ચા નથી ચાલતી કે, આ શું કહે છે ?

મુમુક્ષુ :- હવે બીજું પડખું – નયના દૃષ્ટિકોણથી વિચારીએ તો ?

પૂજ્ય ભાઈશ્રી :- એ આવશે, છેલ્લે આવશે. આવશે ખરો એટલે ત્યાંથી વિચારીએ તો જરા ઠીક રહેશે. આમાં બધાં પડખા લીધાં છે. પ્રમાણના પણ લીધાં છે ને નયના પણ લીધાં છે. બન્ને વાત લીધી છે. પોતે જ લીધી છે.

મુમુક્ષુ :- વિચારવાની ગંભીરતા ઘણી !!

પૂજ્ય ભાઈશ્રી :- હા, બહુ (ગંભીરતા) ! ઊંડાણ ઘણું !! અનુભવ છે ને ! અને અનુભવમાં તીવ્રતા હતી એટલે ઊંડાણ પણ ઘણું આવે. જે એમની ચર્ચાને ખોલવી પડી છે એનું કારણ એ છે. ઇડરમાં કેટલીક ચર્ચા ચાલી. એક બુદ્ધિવાળા મુમુક્ષુએ કહ્યું કે, આ પુસ્તકનો તો ઘણીવાર સ્વાધ્યાય કર્યો છે પણ અમારી બુદ્ધિમાં આવતું નથી. તમારો પરિચય છે, શાસ્ત્રોનો પરિચય છે, (છતાં) આની અંદર આટલી બધી ગંભીરતા છે તો ખોલ્યા વગર તો કેમ (ખબર પડે) ? બધાં સામાન્ય મુમુક્ષુને તો કેમ ખબર પડે ? પાંચ ફર્મા છપાઈ ગયા હતા. સ્પષ્ટીકરણની દૃષ્ટિએ જ્યાં સ્પષ્ટીકરણ આપવું પડે (ત્યાં આપવું) ભલે એ ફર્મા ફેરવવા પડે. પછી તો નીચેના ક્રમમાં ફેર પડે એટલે ઉપરમાં પણ બધું ફેરવવું પડે. એ તો પુરાંત જેવું છે, એક પુરાંત ફરે એટલે બધાં દિવસની પુરાંત ફરે. ભલે ગમે તેટલા કાગળ બગડે, ભલે એટલી છપાઈ (નકામી) જાય, (પણ) આપણે સ્પષ્ટીકરણ આપો, પછી (એમ નક્કી કર્યું). (એમના વચનોમાં) ગંભીરતા ઘણી !!

મુમુક્ષુ :- આ બીજા મુદ્દામાં જે લખ્યું છે કે મનઆશ્રિત માન્યતાથી થતું નથી તો કઈ રીતે થાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- મનાતીત દશાથી (થાય છે). મનઆશ્રિત માન્યતાથી નહિ પણ પુરુષાર્થને સ્વસન્મુખ

કરે ત્યારે આ (અખંડ શુદ્ધ) વૃત્તિનો ઉદ્દ્ભવ થાય. સ્વરૂપની સન્મુખતાનો પુરુષાર્થ કરતાં-કરતાં અનુભવ થાય. ગુરુદેવની ભાષામાં કહીએ તો (આમ થાય છે).

પરમાગમસારમાં ૪૪૬ નંબરનો બોલ છે. **''ભલે શાસ્ત્રજ્ઞાન કરે, ધારણાજ્ઞાન કરી લે પણ પર્યાયને સ્વલક્ષમાં વાળવી એ પુરુષાર્થ અનંત છે, મહાન અપૂર્વ પુરુષાર્થ છે.''** પુરુષાર્થને સ્વલક્ષી કરે અને (સ્વરૂપ) નિર્ણય થતાં જે સ્વરૂપસન્મુખતાનો પુરુષાર્થ શરૂ થાય એ કરતાં-કરતાં અનુભવ થાય. બીજી રીતે ન થાય. સાદી ભાષામાં લઈએ તો, અનુભવનો પુરુષાર્થ કરતાં અનુભવ થાય. બીજી કોઈ રીતે અનુભવ ન થાય. અનુભવ કરવા માટે અનુભવનો પુરુષાર્થ જોઈએ. અનુભવપ્રત્યયી પુરુષાર્થ જોઈએ. અનુભવપદ્ધતિનો પુરુષાર્થ જોઈએ અને અનુભવ થાય તે પ્રકારનો પુરુષાર્થ જોઈએ, તો અનુભવ થાય, નહિતર અનુભવ ન થાય. એમ છે. શાસ્ત્રજ્ઞાન કરે ને ધારણાજ્ઞાન કરી એટલે શું થઈ ગયું ? એમ કહે છે. પર્યાયને સ્વલક્ષમાં વાળવી, પર્યાયને સ્વલક્ષી કરવી, એમાં મહાન પુરુષાર્થ છે. જ્ઞાન અને પુરુષાર્થ (બન્ને લીધાં છે). લક્ષમાં જ્ઞાન લીધું. એટલે તો કહ્યું છે, **'લક્ષ થવાને તેહનો કહ્યાં શાસ્ત્ર સુખદાયી'** ભલે બધાં શાસ્ત્રો કહ્યાં પણ એક (સ્વરૂપ) લક્ષ થાય એના માટે (કહ્યાં છે). લક્ષ ન થાય તો તારું બધું શાસ્ત્ર વાંચન નકામું છે.

જુઓને ! (સમયસારમાં) ૧૪૪ (ગાથાની) ટીકામાં અમૃતચંદ્રાચાર્યદેવે શું લીધું ? કે, પક્ષાંતિક્રાંત થવાં માટે તો પ્રથમ તો પક્ષ કરવો. પક્ષ કરવો એટલે પ્રથમ તો શ્રુતજ્ઞાન વડે જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવો. નિર્ણય કરવો કહો કે લક્ષ કરવું કહો કે અસ્તિત્વ ગ્રહણ કરવું કહો – એક જ વાત છે.

**(વધુ આવતા અંકમાં...)**

## કરુણાસાગર 'પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ'ની ૭૯મી જન્મ જયંતી પ્રસંગે ધાર્મિક કાર્યક્રમ

મુમુક્ષુજીવોના પરમ તારણહાર 'પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ'ની આગામી ૭૯મી જન્મ જયંતી માગશર સુદ-૪, તા. ૨૯-૧૧-૧૧ થી માગશર સુદ-૮, તા. ૩-૧૨-૧૧ પર્યંત અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે. આ પ્રસંગે મંડલ વિધાન પૂજન, પૂજ્ય ભાઈશ્રીનાં ઑડિયો તથા વિડીયો સી.ડી. પ્રવચન, પૂજ્ય ગુરુદેવશ્રીનાં વિડીયો સી.ડી. પ્રવચન, પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની વિડીયો સી.ડી. તત્ત્વચર્ચા, ભક્તિ, સત્સંગ, સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવશે. તથા તા. ૨-૧૨-૧૧ના દિવસે જિનેન્દ્ર રથયાત્રાનો કાર્યક્રમ રાખવામાં આવશે.

આ પ્રસંગે આવનાર મુમુક્ષુએ ટ્રસ્ટના કાર્યાલયમાં અગાઉથી સૂચના આપવા વિનંતી છે જેથી તેમના આવાસ તથા ભોજનની સમુચિત વ્યવસ્થા થઈ શકે.

કાર્યક્રમ સ્થળ :– **'શ્રી શશીપ્રભુ સાધના-સ્મૃતિ મંદિર'** પ્લોટ નં. ૧૯૪૨–બી, શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે, ભાવનગર–૩૬૪૦૦૧

સંપર્ક : શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર-૩૬૪૦૦૧,

# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા



પ્રશ્ન :– શું પ્રગટ કરવાની અપેક્ષાએ પર્યાયને ઉપાદેય કહેવામાં આવે છે ?

સમાધાન :– હા, પર્યાયને પ્રગટ કરવાની અપેક્ષાથી ઉપાદેય કહી છે, તેમાં તેને પુરુષાર્થ કરવાનો રહે છે. સાધકને સ્વાનુભૂતિની દશા પ્રગટી છે તે સ્વાનુભૂતિમાં ક્ષણે ક્ષણે વૃદ્ધિ થાય ને પછી સ્વાનુભૂતિરૂપે જ પોતે થઈ જાય, અર્થાત્ જેવો આત્મા છે, તે રૂપે જ પોતે થઈ જાય એવી દશા હજી પ્રગટ થઈ નથી, તેથી પર્યાય પ્રગટ કરવાની અપેક્ષાએ આદરણીય છે.

મુનિઓ છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતાં-ઝૂલતાં અંતર્મુહૂર્તમાં અંતરમાં જાય છે અને બહાર આવે છે, તો પણ હજી પર્યાય અધૂરી છે, તેથી સાધનાની પરિણતિ ચાલ્યા જ કરે છે. છઠ્ઠા-સાતમા ગુણસ્થાનની દશામાં હું પ્રમત્ત નથી કે અપ્રમત્ત નથી એવી દૃષ્ટિ હોવા છતાં તે સાધનાની પર્યાયમાં મુનિઓ ઝૂલે છે. તેમાં વૃદ્ધિ થતાં શ્રેણી માંડીને કેવળજ્ઞાન પ્રગટ થાય છે. તે સાધનામાં પરિણતિની દોરી તેના સ્વભાવ તરફ છે, જ્ઞાન જ્ઞાનને ખેંચતું પોતાના તરફ જાય છે. સાધનામાં આવું હોય છે તો પણ દૃષ્ટિ એક આત્મા ઉપર છે, દૃષ્ટિ બધાને હેય કરે છે, દૃષ્ટિ બધાને ગૌણ કરે છે.

**(સ્વાનુભૂતિદર્શન-૨૪૭)**

પ્રશ્ન :– 'જ્ઞાન જ્ઞાનને ખેંચતું' એમ આપે ફરમાવ્યું તેનો ભાવ શું છે ? તે ફરમાવશોજી.

સમાધાન :– જ્ઞાન એટલે પુરુષાર્થની દોરી જે પરિણતિ વિભાવ તરફ જતી હતી તેને સ્વભાવ તરફ ખેંચે છે, સાધનાને વધારતો જાય છે અને ભેદજ્ઞાનની ધારા ઉગ્ર કરતો જાય છે.

દૃષ્ટિ પ્રગટ થઈ પછી કાંઈ કરવાનું રહેતું જ નથી એમ નથી. દૃષ્ટિ પ્રગટ થયા પછી સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ થયું, હજી તેમાં લીનતા પ્રગટ કરવાની બાકી છે. ભેદજ્ઞાનની ધારાને ઉગ્ર કરીને દૃષ્ટિનું બળ વધારતો જાય છે, પોતાની પરિણતિને એકદમ પોતા તરફ વાળતો જાય છે, વિભાવ તરફ જતી પરિણતિને સ્વભાવ તરફ ખેંચતો જાય છે. દૃષ્ટિમાં પર્યાયને હેય માને છે, છતાં પણ પુરુષાર્થની દોરી ચાલુ છે. હું તો અખંડ છું તો પણ આ વિભાવની પર્યાય થઈ રહી છે, સ્વભાવની પર્યાય અધૂરી છે તે બધું જાણે છે, અને પુરુષાર્થની દોરી પોતા તરફ ખેંચતો જાય છે.

**(સ્વાનુભૂતિદર્શન-૨૪૮)**

પ્રશ્ન :– શાસ્ત્રભાષાથી કહીએ કે પ્રગટ કરવાની અપેક્ષાએ પર્યાય ઉપાદેય છે. પરંતુ આપે જે કહ્યું તેનાથી સ્પષ્ટીકરણ બહુ સરસ થયું. સાધનામાં સાધકને આવાં પરિણામ આવે છે તે બહુ સરસ વાત કરી. તે વિશેષ સમજાવશોજી.

સમાધાન :– સાધનામાં આવા પરિણામ સાથે હોય જ. તેની દૃષ્ટિ જ્ઞાયક ઉપર સ્થપાયેલી રહે છે. દૃષ્ટિ જ્ઞાયકથી છૂટી પડતી નથી. હું જ્ઞાયક છું એમ જ્ઞાયકનું જે અસ્તિત્વ ગ્રહણ કર્યું છે, વિભાવથી ન્યારો, અધૂરી કે પૂર્ણ પર્યાય જેટલો પણ હું નહિ તથા ગુણના ભેદ પણ મારામાં નથી એવી જે દૃષ્ટિ જ્ઞાયક ઉપર સ્થપાણી તે (તેની) દૃષ્ટિ ત્યાંથી ખસતી જ નથી. છતાં તેને જ્ઞાનમાં ખ્યાલ છે કે આ વિભાવ ઊભો છે, હજી અધૂરી પર્યાય છે, સ્વભાવનું વેદન અંશે થાય છે. સ્વાનુભૂતિની દશા પ્રગટી છે; જ્ઞાયકની સવિકલ્પ ધારામાં અંશે શાંતિનું વેદન થાય છે, પણ હજી તે પૂરું નથી-અધૂરું છે; વિકલ્પની, વિભાવની બધી જાળ હજી ઊભી છે એમ

**(શેષ અંશ પૃષ્ઠ સંખ્યા–૧૩ ઉપર)**

**૩૨૨**

રવિવાર, ૧૯૪૮




**લૌકિકદષ્ટિએ તમે અને અમે પ્રવર્તશું તો પછી અલૌકિકદષ્ટિએ કોણ પ્રવર્તશે ?**

આત્મા એક છે કે અનેક છે, કર્તા છે કે અકર્તા છે, જગતનો કોઈ કર્તા છે કે જગત સ્વતઃ છે, એ વગેરે ક્રમે કરીને સત્સંગે સમજવા યોગ્ય છે; એમ જાણીને પત્ર વાટે તે વિષે હાલ લખવામાં આવ્યું નથી.

સમ્યક્પ્રકારે જ્ઞાનીને વિષે અખંડ વિશ્વાસ રાખવાનું ફળ નિશ્ચયે મુક્તપણું છે.

સંસારસંબંધી તમને જે જે ચિંતા છે, તે ચિંતા પ્રાયે અમને જાણવામાં છે, અને તે વિષે અમુક અમુક તમને વિકલ્પ રહે છે તે પણ જાણીએ છીએ. તેમજ પરમાર્થચિંતા પણ સત્સંગના વિયોગને લીધે રહે છે તે પણ જાણીએ છીએ; બેય પ્રકારનો વિકલ્પ હોવાથી તમને આકુળવ્યાકુળપણું પ્રાપ્ત હોય એમાં પણ આશ્ચર્ય લાગતું નથી, અથવા અસંભવરૂપ લાગતું નથી. હવે એ બેય પ્રકારને માટે ચોખ્ખા શબ્દોમાં નીચે જે કંઈ મનને વિષે છે તે લખવાનું પ્રયત્ન કર્યું છે.

સંસારસંબંધી તમને જે ચિંતા છે, તે જેમ ઉદયમાં આવે તેમ વેદવી, સહન કરવી. એ ચિંતા થવાનું કારણ એવું કોઈ કર્મ નથી કે જે ટાળવા માટે જ્ઞાનીપુરુષને પ્રવૃત્તિ કરતાં બાધ ન આવે. જ્યારથી યથાર્થ બોધની ઉત્પત્તિ થઈ છે, ત્યારથી કોઈ પણ પ્રકારના સિદ્ધિયોગે કે વિદ્યાના યોગે સાંસારિક સાધન પોતાસંબંધી કે પરસંબંધી કરવાની પ્રતિજ્ઞા છે; અને એ પ્રતિજ્ઞામાં એક પળ પણ મંદપણું આવ્યું હોય એમ હજુ સુધીમાં થયું છે એમ સાંભરતું નથી. તમારી ચિંતા જાણીએ છીએ, અને અમે તે ચિંતાનો કોઈ પણ ભાગ જેટલો બને તેટલો વેદવા ઇચ્છીએ છીએ. પણ એમ તો કોઈ કાળે બન્યું નથી, તે કેમ બને ? અમને પણ ઉદયકાળ એવો વર્તે છે કે હાલ રિદ્ધિયોગ હાથમાં નથી.

પ્રાણીમાત્ર પ્રાયે આહાર, પાણી પામી રહે છે. તો તમ જેવા પ્રાણીના કુટુંબને માટે તેથી વિપર્યય પરિણામ આવે એવું જે ધારવું તે યોગ્ય જ નથી. કુટુંબની લાજ વારંવાર આડી આવી જે આકુળતા આપે છે, તે ગમે તો રાખીએ અને ગમે તો ન રાખીએ તે બન્ને સરખું છે, કેમ કે જેમાં પોતાનું નિરુપાયપણું રહ્યું તેમાં તો જે થાય તે યોગ્ય જ માનવું એ દૃષ્ટિ સમ્યક્ છે. જે લાગ્યું તે જણાવ્યું છે.

અમને જે નિર્વિકલ્પ નામની સમાધિ છે, તે તો આત્માની સ્વરૂપપરિણતિ વર્તતી હોવાને લીધે છે. આત્માના સ્વરૂપ સંબંધી તો પ્રાયે નિર્વિકલ્પપણું જ રહેવાનું અમને સંભવિત છે, કારણ કે અન્યભાવને વિષે મુખ્યપણે અમારી પ્રવૃત્તિ જ નથી.

બંધ, મોક્ષની યથાર્થ વ્યવસ્થા જે દર્શનને વિષે યથાર્થપણે કહેવામાં આવી છે, તે દર્શન નિકટ મુક્તપણાનું કારણ છે; અને એ યથાર્થ વ્યવસ્થા કહેવાને યોગ્ય જો કોઈ અમે વિશેષપણે માનતા હોઈએ તો તે શ્રી તીર્થંકરદેવ છે.

અને એ જે શ્રી તીર્થંકરદેવનો અંતર આશય તે પ્રાયે મુખ્યપણે અત્યારે કોઈને વિષે આ ક્ષેત્રે હોય તો તે અમે હોઈશું એમ અમને દૃઢ કરીને ભાસે છે.

કારણ કે જે અમારું અનુભવજ્ઞાન તેનું ફળ વીતરાગપણું છે, અને વીતરાગનું કહેલું જે શ્રુતજ્ઞાન તે પણ

**(શેષ અંશ પૃષ્ઠ સંખ્યા-૪ ઉપર)**

## પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીના જન્મજયંતી પ્રસંગે કોટીકોટી વંદન

